Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧ માર્ચ ૨૦૨૧
અંક : ૦૫
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

## અનુક્રમ


- રામચંદ્ર ગુહા (રૂપાલી બર્ક) ૩
  તેઓ યુવાન કર્મશીલોથી કેમ ગભરાય છે
- વજેસિંહ પારગી ૪
  ક્યાં લગ
- પ્રીતિ સેનગુપ્તા ૫
  ડાયસ્પૉરિક ડિલેમા અથવા દરિયાપારની દ્વિધા
- ચંદુ મહેરિયા ૭
  મહિલાઓના ઘરકામની કિંમત અંકાશે
- મહાશ્વેતા જાની ૮
  પુરુષપ્રધાન પક્ષોની “સ્ત્રીકેન્દ્રી” વાતો…!
- નરહર કુરુંદકર ૯
  સુભાષબાબુનું પુણ્યસ્મરણ
- બાબુ સુથાર ૧૬
  ભાષાના ધોવાણ વિશે

સુભાષબાબુનું પુણ્યસ્મરણ
જુઓ પૃષ્ઠ ૯

## લોકતંત્રની ‘દિશા’

કુમાર પ્રશાંત

કોઈ સોજ્જો, ગંભીરપણે વિચારી શકતો ને તટસ્થ રાજકીય વિશ્લેષક અગર તો આઝાદ કલમનો ધની બિન-ગોદી પત્રકાર ચાહે તોપણ આજની પરિસ્થિતિ અને એમાંથી ઉભરતા ભયો બાબતે એટલી વિશદતાથી લખી શક્યો ન હોત જેટલી વિશદતાથી દિલ્હીના એડિશનલ સેશન જજ ધર્મેન્દ્ર રાણાએ પોતાના ૧૪ પાનાંના આદેશમાં લખ્યું છે. ખરું જોતાં એનું સ્થાન રાજકીય વિશ્લેષકો અને પત્રકારોના પાઠ્યક્રમમાં હોવું જોઈએ. બૅંગલુરુની બાવીસ વરસની દિશા રવિને જામીન પર છોડતાં રાણાસાહેબે જે પણ વાતો જે રીતે લખી છે તે હમણેનાં વરસોમાં અદાલત તરફથી આપણી સમક્ષ આવેલ શાનદાર બંધારણીય દસ્તાવેજ છે. આપણી સર્વોચ્ચ અદાલતના તથાકથિત ન્યાયમૂર્તિઓ એમાંથી કંઈક શીખી શકે તો એમનું આજકાલ જે મૂર્તિવત અસ્તિવત દીસે છે એમાંથી છૂટી શકે.

કહેવામાં તો એવું આવે છે કે જામીનનો હુકમ બને એટલો ટૂંકો હોવો જોઈએ કેમ કે મુકદમો હજુ તો ખૂલવાનો હોય છે, અને ત્યાર પછી સ્તો વાદી-પ્રતિવાદી-જજ વગેરેને સવિસ્તર પોતપોતાની વાત મૂકવાનો મોકો મળતો હોય છે. પણ દેશ આખામાં જે જડતાએ ઘર ઘાલ્યું છે એમાં આ વાત નકરી પોથીમાંનાં વેંગણ જેવી બની રહે છે. આપણા બંધારણની વિશેષતા એ સ્તો છે કે એનું બરાબર પાલન ને સન્માન કરવામાં આવે તો એના કોઈ પણ સ્થંભે ઝાઝું કહેવાકરવાની જરૂર પડતી નથી. લોકશાહી જ્યારે રાષ્ટ્રજીવનની રગ રગમાં પ્રવહમાન હોય ત્યારે બંધારણની યથોચિત વ્યાખ્યા પળે પળે સ્વતઃ થયા કરતી હોય છે. પણ જ્યારે લોકશાહીને નકરો જુમલો બનાવી દેવાય છે અને એના સઘળા સ્થંભ આપણાં મેલાં કપડાં ટાંગવાની ખીંટીમાં ફેરવાઈ જાય છે ત્યારે કોઈ એસ.મુરલીધરન અગર કોઈ ધર્મેન્દ્ર રાણા પૂરા કદનું બોલે એવી જરૂર પડે છે. ગૂંગા જજસાહેબો હસ્તક બંધારણ પણ પોતાની શ્રી ગુમાવી બેસે છે.

દિશાના જગજાહેર મામલા વિશે અહીં ઝાઝું કહેવાની જરૂરત નથી. (જુઓ રામચંદ્ર ગુહાનો લેખ, પૃ.૩). માત્ર, એટલું જ કહેવાની જરૂર છે કે એની ગિરફતારી કેવળ ગેરબંધારણીય જ નહોતી પરંતુ સત્તાધીશોના ઈશારે દિલ્હી પોલીસ હસ્તકની એ એક આતંકવાદી કારવાઈ હતી. ન્યાયમૂર્તિ રાણાએ કહ્યું છે કે દિલ્હી પોલીસ અમારી સમક્ષ એવી એક પણ પુખ્ત દલીલ અગર સાબિતી નથી રજૂ કરી શકી જેમાંથી તાણીતૂસીને પણ એવું તારણ કાઢી શકાય કે દિશા અગર એનું ‘ટૂલકિટ’ હિંસાને ઉશ્કેરનાર હોય, કે પછી ૨૦૨૧ની ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં થયેલી હિંસા પાછળ એની ઉશ્કેરણી હતી. દેખીતી રીતે જ આવું વિધાન કરતી વેળાએ રાણાસાહેબ જાણેઅજાણે પણ દિલ્હી પોલીસ અને એમના આકા (ગૃહમંત્રી) બેઉને એક સાથે ‘અયોગ્યતા’નું પ્રમાણપત્ર આપી રહ્યા હતા. દિશાની ગિરફતારીનું ઔચિત્ય જે રીતે દિલ્હીના પોલીસ વડાએ અને ખુદ

ગૃહમંત્રીએ ટીવી પર આવી બોલી બતાવ્યું હતું તે પછી એટલું બેલાશક જરૂરી હતું કોઈ મોટો ચીસોટો પાડીને અને આંગળી તાકીને એ બધું કહે જે રાણાસાહેબે કહ્યું છે. જ્યાં પણ, જ્યારે પણ બંધારણ બોલે છે, નકલી ચહેરા આમ જ બેનકાબ બની જતા હોય છે.

દિશાની ગિરફતારી બેબુનિયાદ અને ગેરબંધારણીય હતી એવી ટિપ્પણી સાથે રાણાસાહેબે એને જામીન આપી દીધા એ જરૂર એક મોટી વાત થઈ પણ એને માથે શગ ઘટના તો એમણે કરેલ એ સ્થાપનામાં છે કે “કોઈ પણ લોકશાહી દેશમાં જનતા સરકારના અંતરાત્માની રખેવાળ હોય છે,” અને તમે કોઈને પણ “કેવળ એટલા વાસ્તે સળિયા પાછળ નથી ધકેલી શકતા કે તે રાજ્યની નીતિઓ સાથે સહમત નથી.” વળી “કોઈ સરકારી મુખવટાના સળ છૂટા પડી જાય એટલા માત્રથી તમારા પર ૧૨૪-એના અન્વયે દેશદ્રોહનો અપરાધ મૂકી શકાતો નથી.” તે સાથે એમણે ઘૂંટેલો મુદ્દો એ પણ છે કે “કોઈ સંદિગ્ધ (શંકાસ્પદ) વ્યક્તિ સાથેના સંપર્ક માત્રને તમે બારોબાર અપરાધ ઠરાવી શકતા નથી. તપાસવું તો એ જોઈએ કે એની છૂપી ગતિવિધિ સાથે આરોપી જોડાયેલ છે કે કેમ. ખાસી છાનબીન પછી હું એ તારણ પર પહોંચ્યો છું કે આરોપી પર આવો કોઈ આરોપ લગાવી શકાય તેમ નથી.” તે પછી એમણે એ વાત સંભારી કે દિલ્હી પોલીસ અને ગૃહમંત્રી બેઉ દિશાએ ‘ટૂલકિટ’ વાટે આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશની છબી બગાડી છે એટલું જ નહીં પણ દેશ વિરુધ્ધ એક આંતરરાષ્ટ્રીય ષડયંત્ર રચ્યું છે એમ કહ્યું હતું. આ સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતના કેટલાયે ફેંસલાઓનો હવાલો આપીને રાણાસાહેબે કહ્યું કે બંધારણની ૧૯મી કલમ અસહમતિના અધિકારને ભારપૂર્વક સ્થાપિત કરે છે અને “બોલવાની ને અભિવ્યક્તિની આઝાદીમાં, આ અભિવ્યક્તિ માટે દુનિયાભરમાંથી સમર્થન માગવાની આઝાદી પણ સમાવિષ્ટ છે.” ઋગ્વેદમાંથી ટાંકતા રાણાસાહેબે કહ્યું કે આપણી પાંચ હજાર વરસ પુરાણી સંસ્કૃતિના ઋષિએ ગાયું છે કે ચારે કોરથી કલ્યાણકારી વિચારો આવો. ચોફેરથી એટલે કે દુનિયાના ખૂણેખૂણેથી. જો ત્યારે આ ‘આદર્શ’હતો તો આજે આપણે એને ‘અપરાધ’ કેવી રીતે કહી શકીએ?

રાણાસાહેબ ઈતિહાસમાં પાંચ હજાર વરસ પાછા ન ગયા હોત અને હજુ ૭૦ વરસ પર જ એમને આપણા આધુનિક ઋષિ મહાત્મા ગાંધી પણ મળી ગયા હોત જેમણે કહ્યું હતું : હું ઈચ્છું છું કે મારા ખંડનાં સઘળાં બારીબારણાં ખુલ્લાં રહે જેથી વિશ્વભરના વાયરા આવતા રહે. પણ તે સાથે મારા પગ મજબૂતીથી મારી જમીન પર એવા ખોડાયેલા હોય કે કોઈ મને ઉખેડી લઈ જઈ ન શકે. પરંતુ, જોકે, અહીં તો સવાલ એ લોકોનો છે જેમનું અસ્તિત્વ બહારથી કોઈ નવી રોશની ન આવે એટલા વાસ્તે ચિત્તનાં બારીબારણાં બંધ રાખવા પર જ ટકેલું છે. આ સૌ અંધકારજીવી પ્રાણી છે, અને રાણાસાહેબે એમના એ અંધારમન પર પણ ચોટ કરી છે.

એકદમ બુનિયાદી સવાલ છે આ તો. લોકશાહીમાં મતભિન્નતા તો રહેવાની જ અને એ સ્તો એને વાસ્તે પ્રાણવાયુ છે. પણ, તે સાથે, એ લોકતંત્રનું અનુશાસન છે કે ભિન્નમતને કદાપિ અપરાધ લેખી શકાતો નથી. બંધારણ આ જ વાત ડંકેકી ચોટ કહે છે અને એને સારુ જ તે ન્યાયપાલિકા નામનું તંત્ર બનાવે છે, જેનું એકમાત્ર ઔચિત્ય એ હકીકતમાં છે કે તે (ન્યાયપાલિકા) બંધારણ માટે જીવશે, ને મરશે. પણ ન તો એવું થયું છે, ન તો થઈ રહ્યું છે. બંધારણ માટે આટલી પ્રતિબદ્ધતા પુરસ્સરની ન્યાયપાલિકા આપણે ન બનાવી શક્યા હોઈએ તો એનું કારણ એ છે કે આવી ન્યાયપાલિકા પરત્વે પ્રતિબદ્ધ સમાજ બન્યો નથી. આજની ઘડી જો સૌથી અંધારી ઘડી હોય તો એ કારણે કે અહીં હર કોઈ પોતાને માટે તો લોકશાહી વાંછે છે, પણ બીજા કોઈના લોકશાહી અધિકારોનું સમ્માન કરતા નથી. આવા નાગરિકોને તો, પછી તો, એવી જ ન્યાયપાલિકા મળે ને જે બંધારણના થોથાની એસીતેસી કરીને સરકારના સંકેતે બોલાવ્યું બોલે અને તોલાવ્યું તોલે.

દિશા રવિના પ્રકરણમાં રાણાસાહેબે ફરીથી એક વાર એ રેખા અંકિત કરી આપી છે જે લોકને તંત્રનું નિશાન બનતા રોકે છે. હર કોઈ લોકશાહી સમાજની દિશા, અંતે તો, એ જ હોઈ શકે કે તે લોકતંત્રની નવી દિશાઓ ખોલતી ચાલે.

ફેબ્રુઆરી ૨૬, ૨૦૨૧


- ‘નિરીક્ષક’ દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
- લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-
  (વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
- વાર્ષિક લવાજમની રકમ ‘નિરીક્ષક પ્રકાશન’ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ ‘નિરીક્ષક ફાઉન્ડેશન’ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.
- સંપાદકીય પત્રવ્યવહાર : ‘પ્રકાશ’, નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
- બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ -** E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
**સંપાદક : કેતન રુપેરા -** E-mail : ketan.nireekshak@gmail.com



**લવાજમ ભરવા માટે સરનામાં**

| | | **જા.ખ.ના દર** |
|---|---|---|
| અમદાવાદ | • **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ | **આવરણ-૪** |
| | • **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ | રૂ. ૪૦૦૦/- |
| | • **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ | **આવરણ-૩** |
| | • **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ | રૂ. ૩૦૦૦/- |
| | • **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ | **અંદરનું આખું પાનું** |
| આણંદ | • **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ | રૂ. ૨૦૦૦/- |
| પાટણ | • **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ | **અંદરનું અડધું પાનું** |
| ભાવનગર | • **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ | રૂ. ૧૦૦૦/- |
| મહેસાણા | • **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ | **સેન્ટર સ્પ્રેડ** |
| | • **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ | રૂ. ૪૦૦૦/- |
| મુંબઈ | • **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ | **પુસ્તકોની જા.ખ.** |
| સુરત | • **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ | અડધા દરે |

# તેઓ યુવાન કર્મશીલોથી કેમ ગભરાય છે / રામચંદ્ર ગુહા

સ્વચ્છ અને સુરક્ષિત ગ્રહની ખેવના રાખનાર ૨૧ વર્ષની મહિલાની ધરપકડ ભારત સરકાર શા માટે કરે? પોતાના સાંકડા અંગત હિતથી પર જઈને બહોળા સમાજના હિતને પ્રાધાન્ય આપે, એવું દેશ ઇચ્છતો ના હોવો જોઈએ? પોતાના અને પોતાના સાથી દેશવાસીઓ માટે સારા ભવિષ્યનું નિર્માણ કરનાર યુવાન નાગરિકને આપણી સરકારે સળિયા પાછળ શું કામ ધકેલી દીધી? ને આટલી કઠોર ઢબે દિલ્હીથી પોલીસપાર્ટીને હવાઈ માર્ગે મોકલી એને બૅંગાલુરુમાં એના ઘરેથી રાજધાની શા માટે લઈ જવામાં આવી? મહાન, દેખીતી રીતે આત્મનિર્ભર ભારત રાષ્ટ્ર માટે વૈશ્વિક વૉર્મિંગ અંગે જાગૃતિ ફેલાવતી ઝુંબેશના અને કિસાનઆંદોલનના સમર્થનમાં કરેલી ટ્વિટ કઈ રીતે રાજદ્રોહી ખતરો ઊભો કરી શકે?

દિશા રવિની ધરપકડના સમાચાર આવ્યા, ત્યારે એક મિત્રે આ સવાલો પૂછેલા. ભારતભરમાં ઘણાં ઘરોમાં આ સવાલો પુછાયા હશે. પ્રથમ નજરે બૅંગાલુરુની આ યુવાન મહિલાની મનસ્વી ધરપકડ કરી પોલીસકસ્ટડીમાં લેવી એ તર્ક, વિચારશક્તિ અને સામાન્ય બુદ્ધિની પકડબહાર લાગતું હતું. કાયદા અને લોકતાંત્રિક સંવિધાન મુજબ ચાલતા કોઈ રાષ્ટ્રએ આવું વર્તન કરવું જોઈએ નહીં, પરંતુ ભારત રાષ્ટ્રએ આમ કર્યું. શા માટે?

મોદી-શાહ રાજ્યતંત્ર વિશે આપણે જે જાણીએ છીએ, જે પ્રમાણે ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતમાં રાજ કર્યું અને ત્યાર બાદ કેન્દ્રમાં જે પ્રમાણે રાજ કરતા આવ્યા છે, એના આધારે બૅંગાલુરુની વતની એવી આ યુવાન, આદર્શવાદી, માતા સાથે રહેતી મહિલાને વગરનોટિસે એના ઘરેથી પોલીસ દિલ્હી ઉપાડી ગઈ અને પાંચ દિવસની સઘન પૂછપરછ કરી એ સંદર્ભે હું છ સંભવિત કારણો દર્શાવવા માગું છું:

પ્રથમ કારણ છે કે મોદી-શાહ રાજ્યતંત્ર સામાન્ય રીતે સ્વતંત્ર વિચારશીલતાથી ગભરાય છે. ભારતીયો કહ્યાગરા, સ્વીકારવાદી, શાસકતંત્ર અને રાષ્ટ્રને વફાદાર અને મહાન અને સ્વપ્નદ્રષ્ટા નેતા પરત્વે પૂજનીય ભાવ ધરાવતા હોવા જોઈએ. આદર્શ રીતે, ભારતીય રાષ્ટ્રને પોતાની નીતિઓ અને કરેલાં કામની કોઈ સટીક, તટસ્થ, વિસ્તૃત અન્વીક્ષા પસંદ નથી. જોકે, ૨૦૧૪થી લોકતાંત્રિક સ્વતંત્રતાઓમાં ઘણો ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં પૂરેપૂરી ખતમ થઈ નથી. હજુ મુક્ત પ્રેસનાં માંડ પૂરતાં મૂળતત્ત્વો, નાગરિકસમાજના અમુક (ઝડપથી ઘટતાં જતાં) અવકાશ અને ભાજપ દ્વારા શાસિત નહીં એવાં અમુક મુખ્ય રાજ્યો બચ્યાં છે.

મોદી-શાહ રાજ્યતંત્ર ભારતભરમાં રાજકારણમાં તથા નાગરિકસમાજમાં વર્ચસ્વવાળું છે, પરંતુ એને સત્તાથી સંતોષ નથી — એ સંપૂર્ણ વર્ચસ્વ ઇચ્છે છે. આ મહત્ત્વાકાંક્ષાનો પીછો કરવામાં એ સંસદમાં ચર્ચા પર નિયંત્રણ કરે છે, રાજ્યોના હક પર કાપ મૂકે છે અને સમૂહમાધ્યમોની સ્વતંત્રતાને દાબે છે. સાડા છ વર્ષમાં એક પણ પ્રેસ કૉન્ફરન્સ નહીં કરીને અને એકાગ્રતાથી 'ગોદી મીડિયા'ને કેળવીને અને પ્રોત્સાહન આપીને, પ્રધાનમંત્રીએ એમની સરકારની કામગીરીની પત્રકારો દ્વારા થતી અન્વીક્ષાને ઘટાડવામાં સફળતા મેળવી છે પરંતુ એને પૂરેપૂરી ખતમ નથી કરી — હજુ સુધી નહીં. ન્યુઝક્લીક જેવી સ્વતંત્ર સાઇટ પર અને સ્વતંત્રમિજાજના પત્રકારો પર હુમલા પાછળનું કારણ આ છે.

દિશા રવિની ધરપકડ પાછળનું બીજું કારણ છે કે મોદી-શાહ રાજ્યતંત્ર સામાન્ય ધોરણે સ્વતંત્ર વિચારશીલતાથી ગભરાય છે, પરંતુ જ્યારે યુવાનો એને વ્યક્ત કરે છે ત્યારે વિશેષ ગભરાય છે. ધાર્મિક બહુત્વવાદ, જ્ઞાતિ અને લિંગ આધારિત ન્યાય, લોકતાંત્રિક પારદર્શકતા અને પર્યાવરણીય ટકાઉપણાના આદર્શોથી ચેતનવંતા બનેલા ૨૦ અને ૩૦ વર્ષના ભારતીયો પાસે — એટલે કે સંઘપરિવારથી જુદા અને મહદ્ અંશે વિરુદ્ધ આદર્શો ધરાવતા પાસે — આપણા દેશ સંદર્ભે એમની પોતાની આશાઓ પૂર્ણ કરવા માટે વધુ ઊર્જા અને સમય છે. આથી, એમને રાજ્યની સત્તાને અને જરૂર પડે, તો કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ કરીને જેલમાં પૂરી દેવા જોઈએ. આપણા દેશના ઊજ્જવળ ભવિષ્યની ખેવના રાખનારા યુવાન, આદર્શવાદી, નિઃસ્વાર્થ, ધરપકડ કરાયેલાં ભારતીયોની વધતી જતી યાદીના સંદર્ભે દિશા રવિની ધરપકડને સમજવી પડે.

પોતાને સ્વતંત્ર મનના માનતા વયસ્ક ભારતીયોની સરખામણીએ આવા યુવાન આદર્શવાદીઓથી સંઘપરિવારને ઘણું વધુ જોખમ લાગે છે, વિરોધપક્ષથી લાગે એના કરતાં પણ વધુ જોખમ. જેમ દિશા રવિની ધરપકડ અંગે અનુભવી પત્રકાર નિખિલ વાગલેએ લખ્યું: "ઇન્દિરા ગાંધીએ કટોકટી દરમિયાન વિરોધપક્ષના નેતાઓની ધરપકડ કરી હતી. મોદી એવું નહીં કરે, કારણ કે એમને ખબર છે કે એમનામાંના મોટા ભાગના પાસે ના તો વિશ્વસનીયતા છે ના તો પ્રભાવ. માટે લોકતંત્રની રક્ષા કરવા માટે લડતા અસલી, યુવાન કર્મશીલોની એ ધરપકડ કરે છે. આ છે મોદીની તફાવતવાળી કટોકટી!"

અન્ય રાજકીય પક્ષોના સાંસદો અને ધારાસભ્યોની માફક આ યુવાન કર્મશીલોને લાંચ આપીને કે જબરદસ્તીથી ભાજપ માં જોડાવા માટે દબાણ કરી શકાતું નથી. વળી, એ લોકો ભ્રષ્ટાચાર, સગાંવાદ કે વંશીય હકદારીના બોજ તળે દબાયેલા નથી. નિખિલ વાગલે બિલકુલ સાચું કહે છે — મનોવૈજ્ઞાનિક અને વૈચારિક ધોરણે સંઘ પરિવાર રાહુલ ગાંધી કે મમતા બૅનર્જીથી ડરે છે, એના કરતાં ઉમર ખાલિદ અને નતાશા નરવાલ જેવાંથી વધુ ડરે છે.

હેડલાઇન્સમાં રહેવાનો અનિવાર્ય અભરખો એ મોદી-શાહ રાજ્યતંત્ર દ્વારા દિશા રવિની ધરપકડ પાછળનું ત્રીજું કારણ છે. કિસાનઆંદોલન પ્રત્યેના સરકારના વલણની અને વિદેશી હસ્તીઓની થોડી ટ્વિટને એમણે આપેલી પાગલ અતિ-પ્રતિક્રિયાની પ્રેસમાં થયેલી ટીકાને જીંગોવાદી ઓવરડ્રાઇવથી એવા દાવા કરીને વાળવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે મલિન પરિબળોની ત્રિપુટી મારફતે ઊંડું આંતરરાષ્ટ્રિય ષડ્યંત્ર પાર પાડવામાં આવી રહ્યું છે — કૅનેડાના અમુક બેકાર ખાલીસ્તાનીઓ, સ્વિડનની એક તરુણી અને બૅંગાલુરુની તરુણાવસ્થામાંથી હમણાં જ બહાર આવેલી યુવતી. હવે દિલ્હી પોલીસ અમુક પર્યાયી હકીકતો બહાર પાડશે, 'ગોદી મીડિયા' અને ભાજપ નો આઇ.ટી. સેલ એનો પ્રસાર કરશે અને આપણી રાજધાનીની સીમાઓ પર પીડાતા કિસાનોની કથા — સરકાર આશા રાખે છે — નજરઅંદાજ થશે (ભલે થોડા સમય માટે).

બૅંગાલુરુની મારી સાથી રહેવાસીની ધરપકડ મોદી-શાહ રાજ્યતંત્ર દ્વારા કરવામાં આવી છે, એનું ચોથું કારણ છે અંદરખાને એ લોકો પરદેશીઓ વિશે તીવ્ર અણગમો (xenophobia) ધરાવે છે. એક ભારતીય નારી, અને એ પણ આટલા સ્વદેશી ઉચ્ચારવાળું નામ ધરાવતી, સફેદ ચામડી અને રાષ્ટ્રવાદના એમના પોતાના વિકૃત, એકાકી ખ્યાલને રોળી નાખતા ખ્રિસ્તી વારસો ધરાવતા પર્યાવરણ કર્મશીલો સાથે નિયમિત

સંપર્કમાં હતી માટે ફરમાન મુજબ દિશા રવિ નામની યુવતી જો કાલાપાનીની હદ વટાવે, તો એ ભાજપના વિદેશમાં વસતા મિત્રોના ન્યુયૉર્ક કે વૉશિંગ્ટન સેલ સાથે જ સંવાદ કરતી હોવી જોઈએ.

આ ૨૧ વર્ષની બૅંગાલુરુની વતનીની મોદી-શાહ રાજ્યતંત્ર દ્વારા થયેલી ધરપકડ પાછળનું પાંચમું કારણ છે યુવાનોને અને એમનાં માતાપિતાને ડરામણો સંદેશો પહોંચાડવો. જો કિસાન-આંદોલનના સમર્થનમાં ટ્વિટ કરવાથી રાજ્યસત્તા તરફથી આટલી નિર્દયી સજા કરવામાં આવતી હોય તો પોતાની કારકિર્દી અને પરીક્ષાથી પર જઈને કર્મશીલતા (અંશકાલીન પણ) કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ નિષિદ્ધ થશે. એમનાં માતાપિતા, કાકાકાકી અને એમનાથી મોટાં પિતરાઈ ભાઈ-બહેનો એમને સોશિયલ-મીડિયા અને જાહેર સંમેલનોથી દૂર રહેવાની સલાહ આપશે. એમની શાળા-કૉલેજનાં આચાર્યો અને શિક્ષકો પણ આમ જ કરશે. મોદી અને શાહ જે આજ્ઞાધીનતા અને અનુસરણના વાતાવરણ માટે આટલા મરણિયા થયા છે (એવી આશા મોદી અને શાહ રાખે છે), તે યુવાનોમાં વધુ ઊંડી પ્રસરશે. મોદી-શાહ રાજ્યતંત્ર દ્વારા સામાન્ય રીતે યુવા કર્મશીલોના દમનને ઉપર દર્શાવેલાં આ પાંચ કારણો લાગુ પડે છે. છઠ્ઠું કારણ આ કર્મશીલને જ લાગુ પડે છે. કેન્દ્ર સરકાર દિશા રવિથી એના ગ્રૂપ ‘ફ્રાઈડેઝ ફોર ધ ફ્યુચર’(FFF)ને લીધે ડરે છે, કારણ કે એ ગ્રૂપ ભારતીય રાજ્યસત્તા દ્વારા કરવામાં આવતાં પર્યાવરણીય ઉલ્લંઘનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. The NewsMinute નામની ઉત્કૃષ્ટ વૅબસાઇટ નોંધે છે તેમ, “યોજનાઓ પર જનતાના સલાહ-સૂચનમાં ઘટાડો કરતા અને કાર્યોત્તર પર્યાવરણીય મંજૂરીને અનુમતિ આપતા ડ્રાફ્ટ EIA ૨૦૨૦ (Draft Environmental Impact Assessment Notification 2020) સામે કડક વલણ અપનાવનાર FFFથી કેન્દ્રસરકાર ત્રસ્ત છે.”

સામાજિક ન્યાય અને પર્યાવરણીય ટકાઉપણા ઉપર કૉર્પોરેટના લાભને પ્રાધાન્ય આપવાની મોદી-સરકારની બહોળી નીતિ સાથે EIAને નબળું કરવાની ચેષ્ટા સુસંગત છે. મધ્ય ભારતમાં રાજ્યસત્તાની નજીક ગણાતા પ્રમોટરો દ્વારા ચલાવવામાં આવતી ખનનકંપનીઓને આદિવાસીની જમીનો અને જંગલો સુપ્રત કરી દેવા સામે વિરોધ કરવા માટે સુધા ભારદ્વાજ અને સ્ટેન સ્વામી ભયાનક કિંમત ચૂકવી રહ્યાં છે. હવે બૅંગાલુરુની દિશા રવિનો વારો છે. ભારતીય રાજ્યસત્તાને જે ઓળખીએ છીએ એ જોતાં પૂરેપૂરી શક્યતા છે કે એમણે દિશા રવિને નિશાન એટલા માટે બનાવી છે કે (આ લેખમાં અગાઉ જે કર્મશીલોનાં નામ લીધેલાં છે એમની જેમ) એ વિદ્યાર્થીકાળની રાજકીય કર્મશીલતાની પરંપરા ધરાવતી નથી કે પાશવી પૂછપરછ સહન કરી શકે. દિલ્હી પોલીસના હાથે એને શું સહન કરવાનું આવ્યું હશે, એ વિચારતાં ડર લાગે છે.

મેં અગાઉ કહ્યું તેમ, કાનૂનને આધીન કોઈ પણ દેશ આમ ના વર્તે, પરંતુ મોદી-શાહ રાજ્યતંત્રને લોકતાંત્રિક પ્રક્રિયા પ્રત્યે ધિક્કાર છે. આ સરકાર માનવતા, સૌજન્ય, ઔચિત્ય, પારદર્શિતા વિનાની છે. એ માત્ર સંપૂર્ણ સત્તા પાછળ પડેલી છે. એ નિરંકુશ રાજકીય, વૈચારિક અને અંગત સર્વોપરીતા ઇચ્છે છે. ભારતના બંધારણના આમુખમાં વ્યક્ત કરેલી ઉમદા ભાવનાઓનું એ દસ્તાવેજ પર પદ શપથ લેનારાઓ દ્વારા દરરોજ ઉલ્લંઘન કરવામાં આવે છે. એટલા માટે જ જ્યારે વિચારશીલ યુવાનો દ્વારા આ બંધારણીય મૂલ્યોને સન્માનવા અને મર્યાદા જાળવવા પડકારવામાં આવે છે, ત્યારે પ્રતિભાવમાં રાજસત્તા આ વિચારશીલ યુવાનોને જેલમાં પૂરી દે છે.

અનુ. **રૂપાલી બર્ક**

સ્રોતઃ https://www.ndtv.com/opinion/why-modi-and-shah-fear-young-activists-by-ramachandra-guha-2371727

## ક્યાં લગ / વજેસિંહ પારગી

૧.

મજૂરી કરતાં-કરતાં
પેઢીઓની પેઢીઓ
માટીમાં મળી ગઈ

હુંય જોઉં છું
વરસોવરસ વિસ્તરતી
અમીરોની સત્તા

બે હજાર વરસથી
ખોટી પડતી આવી છે
ઈસુની ભવિષ્યવાણી

ગરીબગુરબાં
જીવીજીવીને ક્યાં લગનું જીવશે
કોઈના વચનના વિશ્વાસ પર ?

૨.

એક હાથમાં
ફૂલ
ને બીજા હાથમાં
રોટલો
લઈને ઊભો કાળ
ને કરવાની મારે
એકની પસંદગી

મનને ગમતું
ફૂલ
પણ ભૂખ્યા પેટથી
કાયર થયેલા હાથ
પકડી બેઠા
રોટલો

## ડાયસ્પોરિક ડિલેમા અથવા દરિયાપારની દ્વિધા / પ્રીતિ સેનગુપ્તા

વિચાર ઘણા વખતથી આવ્યા કરે, પણ કઈ રીતે શરૂ કરવું તે સમજાય નહીં. વાત છે તો ગુજરાતી લેખન વિષેની, પણ એના જે અંશ વિષેનો સંદર્ભ છે, તે જરા જટિલ છે. શું મને જ લાગે છે એ જટિલ!

ઓકે, તો વાત છે અત્યારે જેને ‘ડાયસ્પૉરા સાહિત્ય’ કહીને આગળ કરવામાં આવે છે તેની. શું આ શબ્દદ્વય વિષે બાકીનાં બધાં વિષદ છે? બાકીનાં એટલે કે મારા સિવાયનાં બધાં. થોડા મહિના પહેલાં મારી એક વાર્તાના વાંચન પછી મેં આ પ્રશ્ન પરિષદના શ્રોતાઓને પૂછેલો કે ડાયસ્પૉરા કહો છો, ત્યારે શું અપેક્ષિત ગણો છો? ત્યારે જવાબમાં મને ડાયસ્પૉરા શબ્દનો મૂળ અર્થ કહેવામાં આવેલો. પણ એ અર્થ તો હું જાણું છું - વર્ષોથી જાણું છું. મારે તો એ જાણવું છે કે જ્યારે આ શબ્દ ગુજરાતીમાં અને ગુજરાતી લેખનના સંદર્ભમાં વપરાતો થઈ ચૂક્યો છે ત્યારે એનો અર્થ-વિસ્તાર શું છે? વળી, જ્યારે ‘ડાયસ્પૉરિક (આ શબ્દ અંગ્રેજી શબ્દકોષમાં હજી નથી આવ્યો લાગતો, પણ હું વાપરવા માંડી છું), સાહિત્ય’નો ઉલ્લેખ થાય છે ત્યારે એની શું વ્યાખ્યા અભિપ્રેત હોય છે?

એની વ્યાખ્યા બંધાઈ છે ખરી? એમ હોય તો દરિયાપાર રહેનારી—લખનારી મને જાણ હોવી ના જોઈએ કે મારી પાસેથી કશી અપેક્ષા છે ખરી? જો હોય તો એ શી છે તેની મને ખબર ના હોવી જોઈએ? જો ડાયસ્પૉરા સાહિત્ય એટલે દરિયા—પારથી લખાતું સાહિત્ય — આવો સીધો અર્થ થતો હોત, તો મને જાણ-સમજણ મળી ગયાં હોત (મારા પ્રવાસલેખનના સંદર્ભમાં પણ), પરંતુ આવું સીધું ને સહેલું બન્યું નથી લાગતું.

ને તેથી હું આજીજીપૂર્વક પૂછ્યા કરું છું, આ શબ્દદ્વયની વ્યાખ્યા ને અપેક્ષા શું છે? કોઈ કહે, દેશ - એટલે કે ઇન્ડિયા વિષયક કથાનક ના જ હોવું જોઈએ. કોઈ કહે, પરદેશના જીવન વિષે જ લખાવું જોઈએ. કોઈ વળી કહે, પાત્રો દેશી તથા પરદેશી, એમ બંને બાજુનાં હોવાં જોઈએ. અને વળી, વિષય તથા નિરૂપણશૈલીની બાબતે પણ મને અમુક મૂંઝવણ છે.

જે સ્વગત રહેલું છે તેવું થોડુંક અહીં પ્રગટ કરવા માગું છું. ડાયસ્પૉરા શબ્દ હું અહીં નહીં વાપરું. દરિયાપાર શબ્દ ચાલશેને? વળી, અમે ને તમે કે અહીંનાં ને ત્યાંનાં જેવા શબ્દો પણ હું આ લેખન માટે વર્જ્ય ગણું છું, તેથી દરિયાપાર, પરદેશ અને દેશ જેવા શબ્દ હું પ્રયોજીશ.

એક, દરિયાપારનાં લખનારાંએ ઇન્ડિયા વિષયક કથાનક ના જ લખવાં જોઈએ, એમ જો મનાતું હોય તો મારે આમ કહી સમજાવવું પડે કે ઘર-ઝુરાપા વિષે તો દરિયાપાર, કે દેશ-પ્રાંત-શહેર-બહાર, કે ઘરથી દૂર રહેનારાં જ લખી શકે. વિયોગ અને વિચ્છેદનો આ ભાવ મનમાંથી વિમુખ કરવો દુષ્કર છે. અન્ય સ્થાને વસવા ને આનંદથી જીવવા છતાં, જે સ્થાન છોડ્યું છે તે જીવમાંથી જતું નથી.

આ સાથે જ, દરિયાપાર અત્યારે એવા લોકોની સંખ્યા વધતી જાય છે કે જે ઇન્ડિયાથી વિમુખ થઈ ગયેલા હોય, ઇન્ડિયા જવા જ ના માગતા હોય ને જેમને ઇન્ડિયન કાર્યક્રમો કે મંદિરોમાં પણ રસ જ ના હોય. આ લોકો ગુજરાતી વાંચતાં પણ નથી. અને એ લોકો ગુજરાતી લખનારા તો નથી જ. જ્યારે ભાષા સાથેનો (ગુજરાતીનો) સંપર્ક છૂટી જાય છે, ત્યારે તે સ્થાન (દેશ) સાથેનું વળગણ પણ નથી રહેતું.

બીજું, ગુજરાતી ભાષા સાથે દરિયાપારથી જે બધાં હજી પરોવાયેલાં છે તે બધાં ગુજરાતી સંદર્ભ બિલકુલ ખંખેરી નથી જ શકતાં. ઉપરાંત, વાસ્તવિકતા પણ જાણવી પડે ને તે એ કે દરિયા-પાર વસનારાં પોતપોતાનાં કૌટુંબિક અને પ્રાંતીય જૂથોમાં જ વધારે રત હોય છે. વસવાટના દેશ(પરદેશ)નાં જીવન તથા અન્ય પ્રજાજનો સાથે એમનું હળવું-મળવું, આદાન-પ્રદાન ક્યાં તો નહીંવત્ હોય છે, ક્યાં તો હોતું જ નથી. આથી, સ્પષ્ટ રીતે જ, તદ્દન બિનઇન્ડિયન અને પૂર્ણ-પરદેશી રહેણીકરણી અને મનોવિચાર વિષે પ્રમાણભૂત રીતે લખવું દરેક લખનાર માટે શક્ય ના પણ હોય.

દરિયાપાર જન્મેલી કે ઊછરેલી પેઢી લગભગ સંપૂર્ણ રીતે વસવાટના દેશની બની જતી હોય છે, એ સમજવું અને માન્ય કરવું અઘરું નથી, કારણ કે એમને માટે આ (પરદેશ) જ ઘર છે, અહીં જ એમણે સ્થાયી થવાનું છે. એમણે ભિન્ન નહીં, સમાન થવા મથવું પડતું હોય છે. આ યુવા પેઢીનાં વલણ, વર્તન અને જીવન વિષે, ગુજરાતીમાં લખનારાં (મા-બાપો કે દાદા-દાદીઓ) લખી શકે, તો એ દરિયાપારના જીવનનું પ્રતિબિંબ કહેવાય. અલબત્ત, ઇન્ડિયન કુટુંબો સાથે જોડાયેલું.

ગુજરાતી જ નહીં, ઇન્ડિયન જ નહીં, અન્ય કોઈ પણ સ્થાનેથી આવીને દરિયાપાર સ્થાયી થયેલા સર્જકો લખે છે, ત્યારે પોતાના દેશનાં જીવન અને એનાં સ્મરણોનો પૂરેપૂરો આધાર લેતાં હોય છે. હું અમેરિકામાં જાણીતાં બનેલાં, ફિક્શનનાં અને દસ્તાવેજી કેટલાંયે પુસ્તકો જોઉં છું તો એ બધાંનાં વિષયવસ્તુ હોય છે પોતાની માતૃભૂમિ, પોતાનાં બાળપણના અનુભવો અથવા તે તે દેશ-સ્થાનની આજની સ્થિતિ. લખનારાં ભલેને અમેરિકી, યુરોપી, આફ્રિકી કે અન્ય ખંડીય હોય.

જાણીતાં બનેલાં ઇન્ડિયનોનાં કેટલાંક નામો જોઈએ - પંકજ મિશ્રા, ચિત્રા બૅનરજી દિવાકરુની, ભારતી મુકરજી, અમિતાભ ઘોષ, કિરણ દેસાઈ, વિક્રમ ભટ્ટ વગેરે, તો શું જોવા મળે છે? ઇન્ડિયાનું જ પ્રતિબિંબ. તે પણ ઝુરાપાના ભાવથી મિશ્રિત. દરિયાપારના આ તથા અન્ય લખનારાનું લેખન એમનો દૃષ્ટિકોણ નિરૂપે છે, જે દેશમાંનાં લખાણમાં હોય તેનાથી જુદો પડતો જોવા મળે છે. એમનો છે તે દરિયાપારનો દૃષ્ટિકોણ છે, એ ‘ડાયસ્પૉરિક ડિસ્કોર્સ’ છે. (અને બિનભારતીય તથા અંગ્રેજી જ વાંચનારાં માટે આ જ છે ડાયસ્પૉરિક રાઇટિન્ગ.)

આમાં અત્યંત સૂચક એવી બાબત એ છે કે આ (તથા અન્ય) ઇન્ડિયન સર્જકો અંગ્રેજી ભાષામાં લખે છે, નહીં કે પોતપોતાની માતૃભાષામાં. આ બધાં દેશ ને વિદેશોમાં જાણીતાં બન્યાં છે અંગ્રેજી ભાષાના સેવનને કારણે. દરિયાપાર રહીને માતૃભાષામાં લખવાની પ્રવૃત્તિ રણમાં આંબા ઉછેરવા જેવી ગણાય અથવા દત્તક લીધેલા બાળકની જતનપૂર્વકની માવજત કરવા જેવી ગણાય.

ત્રીજું, પાત્રો ઇન્ડિયન અને પરદેશી એમ બંને હોવાં જ જોઈએ, આ બાબતે દરિયાપારના ગુજરાતી લેખન પર જ ધ્યાન મૂકીએ, તો એક ઉપરછલ્લું સામાન્યીકરણ કરી શકાય કે પરદેશી પાત્રોનાં જીવનરીતિ અને મનોવિચાર માટે ન્યાય્ય જાણકારી, તેમજ ઊંડો રસ, તથા એમની સાથે

ઘનિષ્ઠતા બહુ ઓછાંને હશે. આથી પાત્રાલેખન રસપ્રદ અને પ્રમાણભૂત બને કે નહીં, તે વિચારવું પડે.

તદુપરાંત, સામાન્યતયા, સંપર્ક સાધારણ પરદેશી વ્યક્તિઓ સાથે રહેવાનો. પરદેશના સમાજના વિખ્યાત, ધનિક અને આગળ પડતા લોકો સાથે ઓળખાણ કેટલાંને હોવાની? હા, કેટલાંકને હોય પણ ખરી, પણ એમાંનાં પાછાં ગુજરાતીમાં લખનારાં પણ હોવાનાં કે? સાધારણ જાણેલું કે વાંચેલું હોય તે પરથી કોઈ પાત્ર બનાવી શકાય તો ખરું, પણ તે કદાચ સ્કૅચરૂપે. આખી નવલકથા આ રીતે લખી શકાય ખરી?

નવલકથાનો ઉલ્લેખ એક વાર ભગતભાઈ શેઠ પાસેથી સાંભળ્યો હતો. એ અહીં અમેરિકામાં ફરવા-મળવા આવ્યા હતા ત્યારે એક વાતચીત દરમિયાન એમણે કહ્યું, “અહીંથી (એટલેકે દરિયાપારથી) હજી આપણને સારી નવલકથા નથી મળી.” બરાબર એક પ્રકાશકને થાય તેવું નિરીક્ષણ, ખરું કે નહીં? આ બાબત માટે મારી જે કંઈક સમજણ છે તે આમ છે. અમેરિકામાં અત્યારે વસતાં ગુજરાતીઓમાંનાં મોટા ભાગનાંને અહીં આવ્યે ચાલીસ-પિસ્તાળીસ વર્ષ થયાં. એમાંનાં પહેલાં પચીસ ને કદાચ ત્રીસ પણ, વર્ષો સ્થાયી થવા માટેની મહેનત-મથામણમાં, તેમજ સંતાનોના ઉછેર પાછળ ક્યાંયે વીતી જતાં હોય છે.

શરૂઆતનાં એ વર્ષો દરમિયાન તો કોઈને જાણે ઊંચું જોવાનો પણ ટાઇમ મળતો નથી. અમેરિકામાંના ગુજરાતી લેખનની તવારીખ તરફ કોઈ નજર કરે તો જણાશે કે છેલ્લાં લગભગ વીસ-પચીસ વર્ષથી અહીં આ લેખનકામ થઈ રહ્યું છે. લખનારાં ધીરે ધીરે વધારે, અને જુદા-જુદા પ્રકારોમાં લખવાના પ્રયત્ન કરતાં થયેલાં જણાય છે. છતાં, નવલકથા લખનારાં કેટલાં હોય? ક્યાંય પણ? દરિયાપારથી નવલકથા લખી હોય તેવાં બે-ત્રણ જણ જરૂર છે. નાનપણથી આજ સુધીમાં અસંખ્ય વાંચી હોય તેવાં અનેક હોય, પણ તેથી કરીને એક સારી કૃતિ લખતાં બધાંને આવડી જવાની નથી.

ચોથું, દરિયાપારના લેખનમાં જો પરદેશને લગતા વિષયોની અપેક્ષા હોય તો મારા મનમાં પ્રશ્ન છે કે એવા વિષયો ગુજરાતના વાચકોને ગમશે? એમાં રસ પડશે? એમાં અમુક સંદર્ભ આવવાના કે જગ્યાઓ તથા વ્યક્તિઓનાં નામ આવવાનાં, તે વાચકોને પકડાશે?, ગમશે, રસદ્યોતક લાગશે? અમદાવાદ-મુંબઈમાં મારી વાર્તાઓના વાંચનના અનુભવ એવા છે કે અમુક સંદર્ભો પકડાતા નથી.

વળી, વાચકની ચેતનામાં પરદેશને અંગે ખોટી છાપ ઊભી ના થવી જોઈએ. સાહિત્યની એક કૃતિમાં કોઈ પણ સ્થાન કે પરદેશની સમગ્રતાનું દર્શન મેળવી ના શકાય. પરદેશીઓને અને ભારતીયોને પરસ્પરની વાસ્તવિકતા આશ્ચર્ય અને આઘાત પમાડવાની, તેથી પરસ્પરનાં જીવનનાં સમીકરણોની જાણકારી વ્યાપક રૂપે હોય તે આવશ્યક છે.

પાંચમું, નિરૂપણ ઉપરાંત શૈલી અંગે પણ હું મૂંઝાઉં છું. જો પરદેશી પાત્રોનું નિરૂપણ કરીએ તો એમના સંવાદો કઈ ભાષામાં મૂકવાના? ગુજરાતીમાં ચાલે? તો એ પાત્ર ખાતરીલાયક બનશે? કે સંવાદો અંગ્રેજીમાં હોવા જોઈએ? તો એ અંગ્રેજી લિપિમાં લખવાના કે ગુજરાતી લિપિમાં? કઈ રીતે એ વાંચનમાં દખલરૂપ નહીં લાગે? કે કથાનકમાં રસભંગ નહીં કરાવે? આ પ્રશ્નોના જવાબ પણ મને અભ્યાસીઓ પાસેથી મળ્યા નથી.

ગુજરાતી લખાણોમાં જ્યારે અંગ્રેજી સંવાદો ગુજરાતીમાં વાંચવા પડે છે ત્યારે, અને અંગ્રેજી લિપિમાં મુકાયેલા હોય છે ત્યારે પણ, હંમેશાં ખટકે છે. એક કારણ એ કે અંગ્રેજી લગભગ હંમેશાં ખોટું હોય છે - સ્પૅલિન્ગ, વ્યાકરણ તેમજ ઉચ્ચારોની રીતે. અને હમણાંથી ઉચ્ચારોની બાબતે એક એવી બેદરકારી સાંભળું છું કે કાન ખરી પડવા ઇચ્છે છે. ગુજરાતીમાં તો ભલભલા લોકો - સર્જકો અને સ્કૉલરો પણ - ‘શ’નો ‘સ’ બોલતા થઈ જ ગયા છે. ને હવે એ જ લોકો અંગ્રેજી ભાષાના ‘શ’ ધ્વનિને પણ ‘સ’ ધ્વનિ બનાવી દેવા માંડ્યા છે. દા.ત., શનિવાર તો સનિવાર બની ગયેલો હતો જ, પણ હવે દા.ત., ‘શાવર’, વરસાદ કે સ્નાન)નો ઉચ્ચાર ‘સાવર’ (ખાટું), ને ‘રશ’(ઉતાવળ)નો ઉચ્ચાર ‘રસ’ (ફળનો), ને ‘શી’(તેણી)નો ઉચ્ચાર ‘સી’ (જુઓ, દરિયો) વગેરે બની ગયેલો સંભળાય છે.

પોતાની ભાસાનું જે થવાનું હસે તે થસે, પણ બીજાંની ભાસાને પણ બગાડવાની? આ તો ભવિસ્ય માટે બહુ નિરાસાજનક બનસે, અથવા સ્યૉરલિ વૅરિ સેમફુલ, ઍન્ડ સૉકિન્ગ જેવું ગણાસે … વગેરે.

આ ઉપરાંત, અન્ય ભાષાના શબ્દો લખીએ ત્યારે તે ભાષાના સ્પૅલિન્ગ પ્રમાણે લખવા કે તેના ઉચ્ચાર પ્રમાણે? ફ્રૅન્ચ કે સ્પૅનિશ જેવી ભાષાઓમાં તો, બધાંને જાણ છે તેમ, લખાય કાંઈ અને બોલાય કાંઈ. દા.ત., જે દેખાય છે ‘ક્વિતો’ તે બોલાય છે ‘કિતો’ કે જે લાગે છે ‘એલોસ’ તે બોલાય છે ‘એયોસ’ વગેરે. તો કોઈ જરૂરી સંદર્ભમાં આવી ભાષાઓના શબ્દો વાપરવાના આવે તો એમને ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખવા પડે, તો જ એ ભાષાને ન્યાય થાય.

ગુજરાતીમાં લખીએ ત્યારે જુદાં-જુદાં ગુજરાતી અને કદાચ ઇન્ડિયન પાત્રોને અનુરૂપ પણ ભાષાના સંવાદો આપણે મૂકી શકીએ છીએ. અન્યદેશીય પાત્રો નિરૂપાયાં હોય ત્યારે એમની જુદી-જુદી બોલી કે વાક્છટાનાં વાક્યો કેવી રીતે મૂકવાં? મારાં અમેરિકન મિત્રો પાસેથી મેં સાંભળ્યું અને જાણ્યું છે તે પ્રમાણે અમેરિકાની તેમજ અન્ય દેશોમાંની અંગ્રેજી ભાષામાં પણ તળપદી કહી શકાય તેવી બોલીઓ હોય છે અને રોજિંદી વાતચીતમાંથી વપરાશમાં આવેલા વિશિષ્ટ શબ્દપ્રયોગો પણ હોય છે. અમેરિકામાં ફરતાં રાજ્યે રાજ્યે અંગ્રેજી જુદું બનતું જણાશે અને સંભળાશે.

પાત્રાલેખનની આવશ્યકતા મુજબ જો આવી બોલી કે શબ્દો પ્રયોજવામાં આવે, તો એમની સમજૂતી પણ કોઈક રીતે આપવી પડે, નહીં તો ભાષાની એ છટાઓ (ગુજરાતી) વાચકને સમજાશે નહીં, બલકે કંટાળો આપશે. આવાં શબ્દો ને વાક્યો અંગ્રેજી લિપિમાં જ લખવાં પડે, નહીં તો એ યથાર્થ કઈ રીતે બને? તો પછી, ફરી એ પ્રશ્ન કે ભાષાની આ ભેળસેળ રસપ્રદ બનશેને?

મનની આવી મૂંઝવણો ઉપરાંત મારું માનવું એમ છે કે દરિયાપારથી થતા લેખનને માટે આટલું ઝટપટ એક લેબલ ના લાગી ગયું હોત, તો સારું થાત. દરિયાપારથી લખનારાં પર, ખાસ ઇમ્પ્રેશન પાડવા માટેનું એક પ્રેશર પડ્યું છે, તે નક્કી, પણ અહીં પ્રસ્તુત એવા કેટલાક પ્રશ્નોના ઉત્તર-ઉકેલ નથી મળ્યા કે પછી આવી બહુ કશી ચિંતા કર્યા વગર વહેતાં રહેવાનું પાતળા પ્રવાહમાં?

# મહિલાઓના ઘરકામની કિંમત અંકાશે / ચંદુ મહેરિયા

*એક ગુજરાતી તરીકે આપણે એ વાતે જરૂર ધોરણસર ગૌરવ લઈ શકીએ કે આંતરરાષ્ટ્રીય સ્તરે 'ઑલ મેન' સરખા પ્રયોગને સ્થાને 'ઑલ હ્યુમન બીઈંગ્ઝ'ની પ્રતિષ્ઠાનું શ્રેય હંસા મહેતા સરખાં એક ગુજરાતી વિદુષીને નામે જમે બોલે છે. પણ આ મૂલ્યાત્મક શબ્દફેરમાં અભિપ્રેત છે તેમ સ્ત્રીપુરુષ બેઉ એક વ્યક્તિ તરીકે સમાન છે એવી પાયાની સમજથી માંડીને ખાસુ બધું અંતર કાપવું રહે છે. ચંદુ મહેરિયા અને મહાશ્વેતા જાનીની નિરીક્ષા ને નુક્તેચીનીમાં એનાં કેટલાંક ઈંગિતો રહેલા છે તો તાજેતરમાં એમ.જે.અકબર-પ્રિયા રામાની કેસચુકાદામાં કે આ અંક છપાવા જઈ રહ્યો છે ત્યારે ઓરિસ્સામાં બાવીસ બાવીસ વરસના કાનૂની સંઘર્ષ પછી અંજની મિશ્રા બળાત્કાર કેસના ચુકાદાના હેવાલોમાં કપાયેલી અને કાપવી રહેતી મજલનું નિદર્શન પડેલું છે.*

*તંત્રી*

ભારતમાં મહિલાઓ વહેલીસવારથી મોડી રાત સુધી આખા ઘરનાં કામનો ઢસરડો કરતી હોય છે. ઘરની સફાઈ, રસોઈ, કપડાં, વાસણ, પતિ-બાળકો અને સાસરિયાંની સેવા અને દેખભાળ, બાળકોને ભણાવવાં, શાળાએ મૂકવા-લેવા જવાં, બજારમાં ખરીદી કરવી, કપડાંને ઈસ્ત્રી કરવી, ગામડાંઓમાં ઘર, કામ અને ખેતી સાચવવી, છાણ-વાસીદાં કરવા, ઢોર-ઢાંખર સાચવવાં, પાણી ભરવું, ઘાસચારો અને બળતણ લેવા જવું, અંતે ઘરના સૌને જમાડ્યા પછી વધ્યું-ઘટ્યું ખાવું — એવી નિયતિ ભારતીય સ્ત્રીઓના માથે મારવામાં આવી છે. એક અંદાજ મુજબ એક સ્ત્રી એક જિંદગીમાં એકલી ત્રણ લાખ તો રોટલી જ બનાવે છે. ઘરનાં બીજાં કામો તો જુદાં. આટઆટલાં કામો કરવા છતાં સામાન્ય રીતે એક સંવાદ લગભગ બધાં ઘરોમાં પુરુષોના જ નહીં, સ્ત્રીઓના મુખે પણ સાંભળવા મળે છે : "આખો દા'ડો ઘરમાં જ હોય છે... કશું જ કરતી નથી." અણમોલ એવા મહિલાઓના ઘરકામનું કુટુંબ, સમાજ અને સરકારને કશું જ આર્થિક કે ભાવનાત્મક મૂલ્ય નથી.

૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે દેશમાં જે ૧૬.૫૬ કરોડ લોકોને 'કશું જ કામ ન કરતી વસ્તી'ની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે, તેમાં ૧૫.૯૦ કરોડ ઘરકામ કરતી મહિલાઓ છે, જે દેશની કુલ કામ વગરની વસ્તીનો ૯૬.૫ ટકા હિસ્સો છે. સ્ત્રીઓના ઘરકામને આપણે ત્યાં બિનઉત્પાદક શ્રમ ગણી તેની કોઈ આર્થિક ગણતરી થતી નથી. ઘરના કામને કોઈ કામ જ ગણવામાં આવતું નથી. ૨૦૧૯ના ટાઈમ યુઝ ઈન ઈન્ડિયા સર્વેમાં મહિલાઓ અવેતનિક ઘરેલુ કામોમાં રોજ ૨૯૯ મિનિટ અને ઘરના સભ્યોની દેખભાળ માટે ૧૩૪ મિનિટ મળીને કુલ ૪૩૩ મિનિટ કે ૭ કલાક ૧૩ મિનિટ ખર્ચે છે જ્યારે પુરુષ માત્ર ૫૧ મિનિટ ખર્ચે છે. પૂર્ણપણે ઘરકામ કરતી મહિલાઓને જ નહીં, નોકરી કરતી સઘળી મહિલાઓને પણ ઘરકામ કરવું પડે છે. છતાં દેશના જીડીપીમાં ગૃહિણીના ઘરકામની કોઈ ગણતરી થતી નથી અને તેને નગણ્ય માનવામાં આવે છે.

સ્ત્રીઓના માથે ઘરકામનો બોજ નાનપણથી લાદી દેવામાં આવે છે. 'યુનિસેફ'ના જણાવ્યા મુજબ ૫થી ૯ વરસની છોકરીઓ તેમની જ ઉંમરના છોકરાઓની તુલનામાં ૩૦ ટકા વધુ કામ કરે છે. વિશ્વમાં અવેતનિક ઘરકામમાં ૧૬ અબજ કલાક ખર્ચાય છે. ભારતીય પુરુષોને રોજ સરેરાશ ૨૮૩ મિનિટ ફુરસદનો સમય મળે છે, જ્યારે સ્ત્રીઓને ૨૨૧ મિનિટ મળે છે. યુ.કે, અમેરિકા જેવા મૂડીવાદી દેશ હોય કે ચીન જેવો સામ્યવાદી દેશ, દરેકમાં પુરુષો કરતાં સ્ત્રીઓને ફુરસદનો સમય ઓછો જ મળે છે.૨૦૧૯ના નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસના સર્વે મુજબ વેતનિક કામો કરતાં પુરુષો ૫૭.૩ ટકા છે પણ સ્ત્રીઓ ૧૮.૪ ટકા જ છે. માત્ર ગૃહિણીને જ નહીં, નોકરી કરતી સ્ત્રીઓને પણ ઘરકામ કરવું પડે છે. કશી કમાણી ન કરવી અને જેનું કશું નાણાકીય મૂલ્ય અંકાતું નથી, તેવું ઘરકામ કરવું તે બે બાબતો વચ્ચે રહેલો ભેદ સમજાતો નથી કે સમજવો નથી.એટલે પણ રાતદિવસ જોયા વિના સ્ત્રીઓ જે ઘરકામ કરે છે, તેને અન્નપૂર્ણા ગણી પોરસાવીને ઇતિશ્રી માની લેવાય છે. આખી દુનિયામાં એવો ખ્યાલ પ્રચલિત છે કે મહિલાઓ તો સેવા કરવા જ જન્મી છે અને તેના માટે ઘરકામ કરવું સહજ છે.

ઊતરતું, હલકું અને નીચા દરજ્જાનું મનાતું ઘરકામ પણ અનિવાર્યપણે આર્થિક મૂલ્ય ધરાવે છે, તેવી દીર્ઘ પ્રતીક્ષિત અને સ્વાગતાર્હ ચર્ચા સુપ્રીમ કોર્ટના તાજેતરના જજમેન્ટથી ફરી ઊભી થઈ છે. જસ્ટિસ એન.વી.રમન્ના, એસ.અબ્દુલ નજીર અને સૂર્યકાંતની બૅન્ચનો ચુકાદો જણાવે છે કે ઘરકામ કરતી મહિલાઓના શ્રમ, સેવા અને બલિદાનનો કોર્ટ સ્વીકાર કરે છે. માર્ગ-અકસ્માતના કેસમાં નોકરી કરતા પતિ કરતાં ગૃહિણી પત્નીને ઓછું વળતર મળવાપાત્ર છે એવી દલીલને સર્વોચ્ચ અદાલતે ગ્રાહ્ય રાખી નથી. વળતરની ગણતરીમાં મહિલાના ઘરકામને નજરઅંદાજ કરવું જોઈએ નહીં અને મહિલાના ઘરકામની કાલ્પનિક આવક ગણતરીમાં લેવી જોઈએ તેમ જણાવી જસ્ટિસ રમન્નાએ દેશને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે મહિલાઓના ઘરકામની કિંમત આંકવી પડશે. ૧૯૮૯માં જમશેદપુરમાં જમશેદજી તાતાના જન્મ-શતાબ્દી ઉજવણી કાર્યક્રમમાં આગ લાગતાં ૨૫ મહિલાઓ સહિત ૬૦ લોકોનાં મોત થયાં હતાં. ૨૦૦૧માં આ મહિલાઓના વળતરના કેસમાં કોર્ટે ઘરકામનું સાંકેતિક મૂલ્ય આંક્યું હતું. પણ તાજેતરના ચુકાદામાં તો ગૃહિણી પણ નોકરી કરતા પતિ જેટલા જ વળતરની હકદાર હોવાનું સ્પષ્ટ કર્યું

સિને-અભિનેતા અને નવોદિત રાજકારણી કમલ હાસને, "રાજ્યે ગૃહિણીઓના ગૃહકાર્યને માન્યતા આપવી જોઈએ તથા તેના માટે વેતન આપવું જોઈએ," તેવી માંગણી કરી છે. તમિલનાડુનો પ્રાદેશિક પક્ષ દ્રવિડ મુનેત્ર કડગમ તેના આગામી વિધાનસભા ચૂંટણીના ઢંઢેરામાં ગૃહિણીઓને માસિક બે હજાર રૂપિયા વેતન આપવાનું વચન આપવાનો હોવાનું કહેવાય છે. ઈલાબહેન ભટ્ટ સમિતિના ૧૯૮૮ના 'શ્રમશક્તિ' અહેવાલમાં મહિલાઓના ઘરકામ સંદર્ભે જણાવ્યું છે કે, " બધી જ સ્ત્રીઓ શ્રમિક છે. કેમકે તે ઉત્પાદક અને પ્રજનનકર્તા છે. તે વેતનિક કામ કે રોજગાર નથી કરતી, ત્યારે પણ સામાજિક રૂપમાં ઉત્પાદન અને પ્રજનનકાર્યમાં સંલગ્ન હોય છે, જે સમાજના અસ્તિત્વ માટે આવશ્યક છે. ગૃહિણીના રૂપમાં મહિલાઓ જે કામ કરે છે તેને સામાજિક-આર્થિક ઉત્પાદન માનવું જોઈએ."

મહિલાઓના ઘરકામનું આર્થિક મૂલ્ય આંકવાથી કે ઘરેલુ કામને ઉત્પાદક માની તેની આર્થિક ગણતરી કરી દેશના જીડીપીમાં ઉમેરો કરવાથી આવકના આંકડા દૂષિત થવાનો ભય કેટલાક અર્થશાસ્ત્રીઓનો છે. જો ઘરના કામ માટે મહિલાઓને દૈનિક રૂ. ૨૮૩ના લઘુતમ વેતનની ચુકવણી કરવાની થાય, તો આશરે ૧૬ કરોડ ગૃહિણીઓના ઘરકામનું મૂલ્ય રૂ. ૧૬,૨૮૬ અરબ, એટલે કે સરકારના બજેટ જેટલું, થાય. ઑક્સફામના રિપોર્ટ પ્રમાણે દુનિયાની ગૃહિણીના ગૃહકાર્યનું નાણાંમાં મૂલ્ય આંકવામાં આવે તો વરસે લગભગ ૧૦,૦૦૦ અબજ ડૉલર જેટલું અર્થાત્ એપલ કંપનીના ટર્નઓવરથી ૪૦ ગણું વધારે થવા જાય છે. બીજી તરફ

રોજગારના ઘટતા આંકડાઓમાં વૃદ્ધિ દર્શાવવા સરકારો ઘરકામ જેવાં વગરવેતનનાં કામોને કદાચ રોજગારમાં સામેલ કરવાનો પ્રયાસ કરી શકે છે. પરંતુ હાલમાં દેશની અડધી આબાદી એવી સ્ત્રીઓનો મોટો ભાગ જેમાં રોકાયેલો છે, તે ઘરકામનું કોઈ મૂલ્ય નથી તે હકીકત છે.

મહિલાઓના ઘરકામનું આર્થિક મૂલ્ય નક્કી કરવાથી પણ ગૃહિણીઓને સન્માન અને ઓળખ મળશે કે નહીં તે મોટો સવાલ છે. ઘરકામ સ્ત્રીઓ પોતાની મરજીથી નહીં પણ પિતૃસત્તાક સમાજના સામાજિક-સાંસ્કૃતિક માપદંડોને કારણે કરે છે.એટલે ઘરકામની જવાબદારી અને બોજ માત્ર મહિલાના માથે ન મૂકી દેતાં ઘરકામમાં કુટુંબના સૌ સભ્યોનો ફાળો હોય તેવો સામાજિક માહોલ ઊભો કરવાની જરૂર છે. માત્ર ગૃહકાર્યનું આર્થિક મૂલ્ય આંકીને સમાજ જવાબદારીમાંથી છટકી શકે નહીં. દેશ અને દુનિયાનું મહિલા- આંદોલન પણ ઘરના કામનું આર્થિક મૂલ્ય જ ન માંગે, ઘરના કામમાં સૌની ભાગીદારી અને યોગદાન પણ માંગે.

maheriyachandu@gmail.com

## પુરુષપ્રધાન પક્ષોની "સ્ત્રીકેન્દ્રી" વાતો...! / મહાશ્વેતા જાની

કોરોના મધ્યે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું વાતાવરણ ગુજરાતમાં ચારે તરફ ફરતી પ્રચારની રિક્ષાઓનાં લાઉડસ્પીકરમાંથી અને સોશિયલ મીડિયાના માધ્યમથી ઘરઆંગણે અને કમ્પ્યૂટર અને મોબાઇલની બારીઓમાંથી સતત આસપાસ અનુભવાતું રહ્યું. આંતરરાષ્ટ્રીય મહિલાદિવસ નજીક જ છે, ત્યારે ચૂંટણીપ્રચારમાં સ્ત્રીઓની ભૂમિકા શું? સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં ૫૦% રાજકીય હિસ્સેદારી છતાં સ્ત્રીઓનું સ્થાન શું હજી પિતૃસત્તાક સમાજનાં પ્રતિબિંબ એવા રાજકીય પક્ષો અને તેમની પુરુષકેન્દ્રી માનસિકતામાં જ અટવાયેલું છે? એમાંય ગુજરાતના પ્રદેશ-પ્રમુખ સી.આર. પાટીલના વડપણ હેઠળ વસંતપંચમીના દિવસે યોજાયેલા વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારના હલ્દી કુમકુમના કાર્યક્રમની ફેસબુક લિંક જોતાં મહિલા કાર્યકરો અને ઉમેદવારોને મહદ્ અંશે પુરુષ નેતાઓને પગે લાગતાં જોઈ અને પાટીલસાહેબનું વક્તવ્ય "દીકરીઓની સંખ્યા ઘટતી જાય છે.આજે શહેરોમાં અને ગામડાંઓમાં અનેક યુવાનોની ઉંમર ૩૫-૪૦ થઈ ગઈ હોવા છતાં યોગ્ય જીવનસાથી નહીં મળવાથી લગ્ન થયાં નથી. બહેનો જે અહીંયાં એકલી બેઠી છે, જે સુરક્ષિતતા અનુભવે છે પણ જો આ રીતે દીકરીઓની સંખ્યા ઘટશે, તો તેમને જ ઘરમાં તાળું મારીને બેસવું પડશે........સાસુઓ તેમની વહુઓનાં ગર્ભપાત કરાવી દે છે.....આ સમસ્યાને ફક્ત બહેનો જ હલ કરી શકે....." સાંભળી કેંક આવા પ્રશ્નો મનમાં ઉદ્દભવ્યા.

ગુજરાત એની ગતિશીલતા, વિકાસ અને મોડી રાત સુધી ગરબે ઘૂમતી સ્ત્રીઓના ફોટા થકી રાજ્યમાં 'અતિ સલામત સ્ત્રીઓ' છે તેનાં બ્યૂગલ દુનિયાભરમાં વગાડે છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે દીકરીઓના સતત ઘટતાં જન્મદર માટે ભારતભરમાં તળિયાનાં રાજ્યોમાં આવે છે એવા આપણા ગુજરાતની દીકરીઓ માની કૂખમાં જ અસલામત છે, જેની પાછળનું એક મહત્ત્વનું પરિબળ ગુજરાતનું આર્થિક, સામાજિક માળખું કે જેમાં મૂડીવાદી માનસિકતા બહુ મોટો ભાગ ભજવે છે, તેને ગણી શકાય. મૂડીવાદને પિતૃસત્તા સાથે સીધું જોડાણ છે. ધંધાઉદ્યોગમાં,રાજકારણમાં ગાદીએ બેસવા દીકરાની ઘેલછા સતત હજી પણ જોઈ જ શકાય છે.

૨૦૧૯માં લોકનીતિ CSDS દ્વારા મહિલાઓ અને રાજકારણ ઉપર થયેલા અભ્યાસમાં એક તારણ બહાર આવ્યું હતું કે સ્ત્રીઓને કેન્દ્ર અને રાજ્યની સાપેક્ષે સ્થાનિક કક્ષાના રાજકારણમાં વધુ રસ પડે છે.આ ખૂબ સ્વાભાવિક છે, કારણ કે આ જ એક રાજકારણનું સ્તર છે, જ્યાં સ્ત્રીઓ અનામતને કારણે સીધી હિસ્સેદારી લઈ શકે છે, એટલે રાજકીય પક્ષો સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચારમાં બહેનોના પ્રશ્નો વિશે 'થોડી ઘણી' ચર્ચા કરે એ અપેક્ષિત છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ચૂંટણીઓને નજીકથી જોતાં એ આમ તો ટૉકનિઝમથી વિશેષ કંઈ ખાસ જણાયું નથી.

ત્રણ દીકરીઓ અને એક દીકરાના પિતા સી.આર. પાટીલે સમાજમાં સંતુલન ના ખોરવાય તે માટે દીકરીઓના જન્મને બઢાવો આપવાની અને મોદીજીના 'બેટીબચાવો બેટીપઢાઓ' અભિયાનની મંચ ઉપરથી વાત તો છેડી દીધી પણ એની પાછળનાં જે કારણો દર્શાવ્યાં એ ખરેખર નેતાઓની અતિ પાંગળી અને સંકુચિત સમજનું પ્રદર્શન કરનાર છે. સૌથી પહેલાં તો તેમને એવું લાગે છે કે આજે ભલે દીકરીઓની સંખ્યા ગુજરાતમાં ઓછી છે અને કેટલાય પુરુષો પરણ્યા વગરના છે છતાંય સ્ત્રીઓ જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તેટલી સલામત છે.જો હજી સંખ્યા ઘટી તો સ્ત્રીઓને ઘરમાં તાળાં મારીને પુરાઈ રહેવું પડશે. એટલે પ્રશ્ન થાય કે શું આપણે પુરુષોને પત્નીઓ મળી રહે તેના માટે અને તેઓ વાંઢા નહિ રહે તો જ 'અહિંસક' રહેશે.. એ એક માત્ર કારણ માટે દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવાનું છે? આનો આડકતરો અર્થ એ થયો કે મંચસ્થ નેતા સ્ત્રીને ફક્ત ઉપભોગના અને બાળક પેદા કરવાનાં સાધન માત્ર તરીકે જોઈ રહ્યા છે અને રાજકીય મંચ ઉપરથી આ એક વરવો મૅસેજ સમાજના બહોળા વર્ગને પહોંચાડી રહ્યા છે.

ભાષણમાં એક બીજો મુદ્દો એ કે તેમણે ફક્ત સ્ત્રીઓની પિતૃસત્તાક માનસિકતાની વાત કરી. દીકરો જણવા માટે સાસુઓ જ વહુઓને ત્રાસ આપે છે, તેમના ઉપર દબાણ ઊભું કરે છે, તેથી યુવાન સ્ત્રીઓએ સાસુઓને જવાબ આપતાં, ના પાડતાં શીખવું જ પડશે. અહીં પણ સાસબહુ સિરિયલોના કિરદારોની જેમ એક સ્ત્રીને જ બાળકીઓના જન્મને રોકનાર વિલન તરીકે બીજી સ્ત્રી સામે ઊભી કરી દીધી. સ્ત્રીઓ પિતૃસત્તાનું વહન કરે છે, એ કેટલાક અંશે સાચું છે. પણ શું દીકરીઓની સંખ્યાના અસંતુલન પાછળ પુરુષોની કોઈ ભૂમિકા જ નથી? ટૂંકમાં, બાળકનું લિંગ કયું હશે એ ફક્ત સ્ત્રીઓની પિતૃસત્તાક માનસિકતાને આધારે નક્કી થાય છે અને પુરુષો આ આખા ચિત્રમાં ક્યાંય આવતા જ નથી, એવી રીતે આ વાતને રજૂ કરવી ખરેખર ઘાતક છે, કારણ કે આ વાતનો સંદેશ તો અંતે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન છે, ત્યાં આવીને અટક્યો.

આ ઘટના અને સી.આર. પાટીલનું વક્તવ્ય એક ઉદાહરણ માત્ર છે, બાકી ગુજરાતમાં ભાજપ હોય કે કૉંગ્રેસ, પક્ષો અને નેતાઓમાં સ્ત્રીઓના મુદ્દાઓને લઈને વૈચારિક શૂન્યતા જ છે.પક્ષમાં સ્ત્રીઓને ફક્ત સ્થાન મળે છે પણ ખરેખરી સત્તાથી સ્ત્રીઓ જોજનો દૂર છે. ક્યારેય કોઈ પણ પક્ષના આંતરિક આર્થિક મૅનેજમેન્ટનું કામ સ્ત્રીનેતાને અપાયું હોય એવું જાણવા નહિ મળે.કાર્યક્રમોમાં સ્ટેજ ઉપર પૌરુષત્વના સિમ્બોલ તરીકે તલવારો નીકળતી જ રહે છે..સ્ત્રીઓ કુમકુમ અને તિલગુડમાં જ અટવાતી રહે છે અને સ્ત્રીઓના મુદ્દાઓ ઉપર પુરુષો ઉપદેશાત્મક ભાષણો આપ્યા કરે છે. આજે દીકરીઓ જણવાનું કહે છે, કાલે બીજા ભાષણમાં દેશ માટે દીકરા જણવાનું કહેશે.રાજકીય પક્ષો પણ સંપૂર્ણપણે પિતૃસત્તાક અને મૂડીવાદી માળખામાં કામ કરતા રહ્યા છે, કરે છે અને કરતા રહેશે, જ્યાં સુધી આ જડબેસલાક સિસ્ટમમાં સ્ત્રીઓની ખરેખરી સહભાગીદારિતા ઊભી નહિ થાય ત્યાં સુધી... અને એના માટે હજી બહુ લાંબી મજલ કાપવી રહી.

# સુભાષબાબુનું પુણ્યસ્મરણ / નરહર કુરુંદકર

*ઈ.સ. ૧૮૯૭માં જન્મેલા નેતાજી સુભાષચંદ્ર બોઝનું આ એકસો પચીસમું વરસ છે. સ્વાતંત્ર્યસંગ્રામના અનન્ય યોદ્ધાઓમાં જેનો પાટલો મંડાય છે, એવી આ શખ્સિયતની ૧૨૫મી જયંતી, પ.બંગાળના ચૂંટણીમાહોલ વચ્ચે શરૂ થઈ એથી એક પા પ્રાંતીય અભિમાન અને બીજી પા પોતાની તરેહનું અભિયાન એમ બેઉ છેડેથી એમના મૂલ્યાંકનને વણછાથી માંડીને વળ અને આમળાની શક્યતાઓ સાફ છે.*

*આવાં નિમિત્તોથી સ્વતંત્રપણે એક સમગ્ર ચિત્ર અને સ્વસ્થ મૂલ્યાંકન શક્ય બને તે દૃષ્ટિએ અહીં નરહર કુરુંદકરનો અભ્યાસલેખ ઉતારતી વખતે કટોકટીકાળના વડોદરાના જેલદિવસોનું આનંદભર્યું સ્મરણ થઈ આવે છે જ્યારે સમાજવાદી પૃષ્ઠભૂ ધરાવતા સદાશિવ કુલકર્ણી અને સીપીએમના વસંત મહેંદળે મારફતે મને નરહર કુરુંદકુરના વિશેષવાચનનો સુયોગ મળ્યો હતો.*

*મરાઠી વાચનની પ્રારંભિક ટેવ કેળવતો હતો ત્યારે દુર્ગા ભાગવતના 'વ્યાસપર્વ'અને ઈરાવતી કર્વેના 'યુગાન્ત' સાથે જે મિલનયોગ બની આવ્યો એ અલબત્ત હૃદયસરસો છે અને રહેશે. પણ સ્વાતંત્ર્યસંગ્રામની વૈચારિક પિછવાઈ અને પગેરું સમજી જનનાયકોને સમગ્ર પરિપ્રેક્ષ્યમાં જોવા-મૂલવવા ને બૂજવાની દૃષ્ટિએ કુરુંદકરનો પરિચય (જેની આછી શરૂઆત સાને ગુરુજીના 'સાધના' પત્રથી થઈ હતી) હૃદ્ય રહ્યો. મહેંદળે દ્વારા અનુવાદિત 'કુરુંદકરના લેખો'માંથી સંપાદિત કરી સુભાષબાબુ પરનો લેખ, હમણાં જ કહ્યું તેમ સમગ્ર ચિત્ર અને સ્વસ્થ મૂલ્યાંકનની સોઈ સારુ 'નિરીક્ષક'ના વાચકોને સુલભ કરીએ છીએ.* ***તંત્રી***

કેટલાક નેતાઓને જનતાના હૃદયસિંહાસન પર વિરાજમાન થવાનો યોગ પ્રાપ્ત થાય છે. બીજા નેતાઓ ગમે તેટલા મોટા હોય, તેમનું કાર્ય બહુ જ મહત્ત્વનું હોય તોપણ એ નેતાઓ ઇતિહાસનો એક ભાગ બની જાય છે. તેઓ અંગે વિદ્યાનોમાં ચર્ચા ચાલે છે. રાનડે અને ગોખલે, ચિત્તરંજનદાસ અને દાદાભાઈ, આ નેતાઓ હવે ઇતિહાસના ભાગ બની ગયા છે. પણ કેટલાક નેતાઓ મૃત્યુ પછી પણ લોકમાનસમાં જીવિત રહે છે. તેઓ વિશે જનતાના દિલમાં રહેલી અપાર શક્તિ તેમને ઇતિહાસનો ભાગ બનવા દેતી નથી. એ જાણે વર્તમાન સમયમાં પણ આત્મશક્તિથી જીવિત રહે છે. ભારતના રાજકીય નેતાઓમાં આવા આદરણીય. પ્રાતઃસ્મણીય નેતાઓમાં નેતાજી હતા અને આજે પણ છે.

નેતાજીની જયંતી પ્રસંગે તેમના ગૌરવની ભાવના હિલ્લોળે ચઢી હોય તેવા પ્રસંગે પણ મારા જેવા માણસ સમક્ષ બીજા અનેક સવાલો ઊભા થાય છે. ગમે તે હોય આ દેશમાં આઝાદી અને લોકશાહી ધીરે-ધીરે દૃઢમૂલ થઈ રહી છે, મજબૂત થઈ રહી છે, એ વાતનો ઇન્કાર થઈ શકે નહીં. આ પ્રક્રિયા ચાલુ છે ત્યારે જ આપણા સ્વતંત્રતાસેનાનીઓનું વધારે સભાનતાથી મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા પણ એક કર્તવ્ય છે. આઝાદીની લડત આખરે એક લડત હતી, અને રણમેદાનમાં દરેક પ્રશ્નનો તટસ્થતાથી, નિર્વિકાર મનોવૃત્તિથી વિચાર કરવાની શક્યતાનો સંભવ ઓછો હોય છે. જ્યારે લડાઈ ચાલુ હોય ત્યારે લાખોના જનસમુદાયની લાગણીને આવાહન કરવાનું કામ મહત્ત્વનું હોય છે. એ લાગણી પાછળ વૈચારિક ભૂમિકા હોય છે જ છતાં એ ભૂમિકાનો ઊંડાણમાં અભ્યાસ અને ચિકિત્સા કરવાનો સમય હોતો નથી. અને જ્યારે આઝાદી મળી, ત્યારે પણ બધા જ સવાલોની કતારો સામટી વિચારવી પડી, ત્યારે પણ શાંત મનઃસ્થિતિ રાખી વિચાર કરવા અવસર હતો નહીં.

ચર્ચા અને ચિકિત્સાથી પ્રીતિ અને આદર ઘટતાં નથી, પણ પ્રીતિ અને આદર સભાન બને છે. આપણા રાષ્ટ્રનેતાઓ કોઈ અજસ્ર શક્તિશાળી રાક્ષસો ન હતા કે નૂતન સૃષ્ટિ સર્જનાર પરમેશ્વર ન હતા. અમર્યાદ કાર્યશક્તિ, અનંત જીદ અને સર્વાંગીણ બુદ્ધિવૈભવના નમૂના છતાં તમારા મારા જેવા જ આ જ માટીમાં જન્મ લેનાર, ગુણદોષોથી યુક્ત જીવતાજાગતા માનવી હતા. તેમની પાષાણમૂર્તિ કરી પૂજા કરવામાં કોઈ અર્થ સરતો નથી. સુભાષ જેવા નેતા તો ત્યાગમાં, કર્તૃત્વશક્તિમાં, બુદ્ધિવૈભવમાં ભારતના કોઈ પણ અગ્રણી કરતાં ઊતરતી શ્રેણીમાં ન હતા. આઈસીએસ જેવી પરીક્ષા સહેલાઈથી પાસ કરવા જેટલી તીક્ષ્ણ બુદ્ધિ અને એ પદવી એક રદ્દી કાગળ ગણી ફાડીને ફેંકી દેવા જેટલી ઉગ્ર લાપરવાઈ એ બંને શક્તિઓનો સુંદર સમન્વય નેતાજીમાં હતો.

છતાં, કારણ ગમે તે હોય, જનમાનસમાં સુભાષબાબુ અંગે ગાઢ ભક્તિ અને આદર સાથે જ ઘોર અજ્ઞાન પણ પ્રવર્તે છે. સુભાષચંદ્ર એટલે ભાવનાશીલ, ક્રાન્તિકારક, ઉત્કટ દેશભક્ત, હિંદુત્વના કટ્ટર અભિમાની, અધ્યાત્મવાદી, વિરક્તયોગી એ પ્રમાણમાં કંઈક ગૂઢ અને ધૂમિલ પ્રતિમા લોકમાનસમાં છે. કેટલાક માને છે કે એ પંડિતજીના પ્રતિસ્પર્ધી હતા, નહેરુના મનમાં તેમના અંગે સ્પર્ધા અને ખુન્નસ હતાં, પંડિત નહેરુ વિશે જેમના મનમાં ખુન્નસ હતું, તેઓ સુભાષને નજીકના માનતા. હિંદુત્વવાદી વિચારસરણીવાળાઓએ નિર્માણ કરેલ આ ખોટી પ્રતિમા તપાસવાનો સમય આવી ગયો છે. આ દેશની આઝાદીની લડતનો પ્રત્યેક નામવંત સેનાની જાણો હિંદુત્વવાદી હતો એવી રજૂઆત કરી પોતાની નિષ્ક્રિયતા પર શાલ ઢાંકવાનો એક પ્રચાર તેઓએ શરૂ કર્યો છે. આ બધી પ્રચારપદ્ધતિ જડમૂળમાંથી તપાસવાની જરૂર છે. ગાંધી અને નહેરુથી, લોકમાન્ય તિલક, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝને જુદા પાડી તેઓ જાણે કટ્ટર હિંદુત્વવાદી હતા, એવો ભ્રમ પેદા કરવાનું આજે ચાલે છે.

એક ખાસ દૃષ્ટિથી જોઈએ તો નહેરુ અને ગાંધી બંને હિંદુઓના જ નેતા હતા અને સાવધાનતાથી અને શાણપણથી હિંદુ જનતાના હિતનો વિચાર તેમની નજર સમક્ષ કાયમ રહ્યો જ હતો. લોકમાન્ય તિલક કે સરદારને કોઈ સમાજવાદી ન જ કહે. તેઓ સમાજવાદી ન હતા, છતાં તેઓ પણ આઝાદીની લડતના સેનાની હતા. જનતાના પ્રતિનિધિ હતા અને એક જ પ્રવાહના પ્રવાસી હતા. સુભાષબાબુ તો સમાજવાદી પણ હતા. લોકમાન્ય, સરદાર અને નેતાજી રાજકીય જિંદગીના પ્રારંભમાં, મધ્યમાં અને અંત સુધી કૉંગ્રેસવાદી જ હતા, એ વાત જ આપણે ભૂલી જઈએ છીએ. કારણ કૉંગ્રેસ જ આઝાદી પહેલાં અને પછી પણ હિંદુજનતાની સહુથી વધુ મજબૂત સંગઠના હતી. આ વાત પણ આપણે ભૂલી ગયા છીએ. આપણામાંના વરિષ્ઠ વર્ણોના લોકોએ જે લોકોએ બહુસંખ્ય હિંદુજનતાનું પીઠબળ મેળવ્યું, એ બધાને જ મુસલમાનોના પક્ષપાતી ગણાવ્યા છે. અને હિંદુ સમાજના બહુસંખ્ય લોકોએ જેમને નજીકના નેતા માન્યા તેઓને જ હિંદુઓના એકમેવ પ્રતિનિધિ માનવામાં અને અંકગણિતના સામાન્ય નિયમને ઠુકરાવવામાં જ પોતાની વાંઝણી બુદ્ધિ ખર્ચ કરી છે.

ઈ.સ. ૧૮૯૭માં ૨૩ જાન્યુઆરીના દિવસે બંગાળના એક ધની પરિવારમાં તેમના પિતાજીના નવમા પુત્ર તરીકે એમનો જન્મ થયો. બાળપણમાં જ તેમની અસામાન્ય બુધ્ધિમત્તા અને હિંમતનો પરચો બધાની નજરે ચઢ્યો. વિલાયતનું શિક્ષણ પૂર્ણ કરી ૧૯૨૧માં સુભાષબાબુ ભારતમાં આવ્યા અને રાજકારણમાં તેઓએ પ્રવેશ કર્યો. તે વખતે તેમની ઉંમર ૨૪

વર્ષની હતી. ૨૪મા વર્ષે રાજકારણમાં પ્રવેશ કરનાર આ યુવક સમક્ષ નેતાના રૂપમાં બે વ્યક્તિઓ હતી. એક મહાત્મા ગાંધી અને બીજા દાસબાબુ ચિત્તરંજનદાસ. સુભાષના રાજકારણપ્રવેશની આ ઘટના જ તેમના વિશે આજે પ્રચલિત પ્રચારના વિરુદ્ધનો પુરાવો છે. ઇતિહાસ, વિસ્મરણશીલ સ્વપ્નરંજન માટે પુરાવો રજૂ કરવાનું કામ કરી શકતો નથી. ઇતિહાસ પ્રત્યક્ષ બતાવે છે. બૅરિસ્ટર ઝીણાનું સ્વપ્નું ગોપાલકૃષ્ણ ગોખલે બનવાનું હતું અને ઝીણા તિલકના વિશ્વાસપાત્ર નેતા હતા. આમ બને છે એનું એક જ કારણ એ કે ગોખલે અને તિલક બંનેએ પોતપોતાની રીતે અલગ મતાધિકારને માન્યતા આપી હતી અને ઝીણાએ બંને નેતાઓને મુસ્લિમોના મિત્ર તરીકે માન્યા હતા. ઝીણા જેવા ચાલાક બૅરિસ્ટર ઠગાયા કે તિલકગોખલેની આપણા મનમાંની પ્રતિમા ભૂલભરેલી છે તે ફરી તપાસવું પડશે.

૧૯૨૧માં લોકમાન્ય તિલકના મૃત્યુ પછી, તિલકને માનનાર કૉંગ્રેસના મહાત્મા ગાંધી વારસદાર બન્યા. તે વખતની જનતા ગાંધીજીને તિલકના વારસ તરીકે જ ઓળખતી હતી. તે સમયના લોકો ગાંધીજીનાં બહિષ્કાર અને સત્યાગ્રહ, કાનૂનભંગની લડાઈ એ બધી જ લડતોને તિલકના બહિષ્કારયોગની પરિપૂર્તિ માનતા હતા. ૧૯૨૧માં ગાંધીજી 'તિલક-સ્વરાજ-ફંડ' ભેગું કરતા હતા. સત્યાગ્રહના માર્ગથી અને ચરખો ચલાવીને 'એક વર્ષમાં સ્વરાજ્ય'ની મહાત્માજીની ઘોષણા હતી. ખિલાફતના કારણે તેમની સાથે મુસ્લિમ નેતાઓ પણ હતા. મહમદઅલી-શૌકતઅલી, મહાત્માજીના ખાસ ભાઈઓ તરીકે ઓળખાતા. આવા ગાંધીજીનું નેતૃત્વ સુભાષબાબુએ સ્વીકાર્યું. એનો અર્થ સુભાષબાબુ અહિંસાવાદી થયા હતા એવો કરવાનો નથી. ગાંધીજીના અનુયાયીઓમાં ૧૦૦% અહિંસાવાદીઓ હંમેશાં ગણ્યાગાંઠ્યા હતા. ગાંધીજીના અનુયાયીઓ અહિંસાનો સ્વીકાર અપરિહાર્ય સાધન તરીકે જ કરતા. આ વાત નહેરુ-સરદારને જેટલા જ પ્રમાણમાં નેતાજીને પણ લાગુ પડે છે. સુભાષ ગાંધીજીના અનુયાયી બન્યા એનો એક જ અર્થ તારવી શકાય કે લોકજાગૃતિ માટે તેમને એ જ રસ્તો અનુકૂળ લાગ્યો. તેમને ખિલાફત-આંદોલન પણ તે વખતે યોગ્ય લાગ્યું હતું અને અંગ્રેજો સામે પ્રક્ષોભ ઊભો કરતું ખાદીનું હથિયાર પણ માન્ય હતું. બંગાલમાં સુભાષ ચિંત્તરજનદાસના અનુયાયી હતા અને દાસબાબુ ગાંધીજીના અનુયાયી હોવા છતાં, ગાંધીજીની મહત્તા માન્ય કરી હજારો રૂપિયાની કમાણીવાળી વકીલાત એમણે ગાંધીજીની સલાહથી છોડી હોવા છતાં તેઓને કાઉન્સિલ-બહિષ્કાર માન્ય ન હતો. આ પછી લાંબા ગાળા સુધી સુભાષ, દાસબાબુના ખાસ વિશ્વાસપાત્ર યુવક કાર્યકર અને મંત્રી હતા. મોટા ભાગના લોકો એ જાણતા નથી કે 'લખનૌકરાર' બંગાલના મુસ્લિમોને બિલકુલ ગમ્યો ન હતો. મુંબઈ-મદ્રાસમાંના ૯.૧૦% મુસલમાનોને ૨૫% પ્રતિનિધિત્વ આપ્યા છતાં તેઓ તે કરાર સમાધાન માટે યોગ્ય માનતા ન હતા, ત્યારે બંગાલના મુસ્લિમોને વસ્તી પ્રમાણે પ્રતિનિધિત્વ આપનાર કરાર અપૂરતો લાગતો, એમાં નવાઈની વાત નથી. આખા ભારતમાં મુસ્લિમોને વિશેષ પ્રતિનિધિત્વ આપનાર કરારના જનક લોકમાન્ય તિલક પોતે હતા અને આ કરાર બંગાળ માટે અપૂરતો છે. એથી આગળ જવાની જરૂર છે એમ માનનાર દાસબાબુ હતા. ચિત્તરંજનદાસે બંગાલ માટે અલગ કરાર કર્યો. આ કરાર 'દાસ પૅકેટ' નામે ઓળખાય છે. આ કરાર બંગાલના ૫૨% મુસ્લિમો માટે ૬૦% પ્રતિનિધિત્વ અને ૫૫% નોકરીઓ આપનાર હતો. બાકી રહેલી ૪૦% સીટો અને ૪૫% નોકરીઓમાં હિંદુઓ સાથે જ બીજી લઘુમતીઓ પણ સમાવી લેવાની હતી. સુભાષબાબુ આ કરારના સહભાગી હતા. દાસ અને મૌલાના આઝાદ આ કરારના આગ્રહી સમર્થક હતા, એ હકીકત આપણે ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

'દાસ-કરાર' કૉંગ્રેસ નેતાગીરીને માન્ય થયો નહીં. એ નામંજૂર કરવામાં આવ્યો એ વાત ખરી પણ તેથી એક વાત તો સાબિત જ થાય છે, હિંદુસ્તાનમાં હિંદુઓ અને મુસ્લિમોને લડાવનારી ત્રીજી શક્તિ 'અંગ્રેજ સામ્રાજ્યવાદ' અસ્તિત્વમાં છે, ત્યાં સુધી તેઓની ચાલ કામયાબ ન થાય તે માટે વધુ ઉદારનીતિ અપનાવી, થોડું વધુ આપીને ઘટ સહન કરીને પણ મુસ્લિમોને જીતી લેવા એમ બધા જ માનતા હતા. 'ઉદારતા અપનાવી મન જીતો' આ તે પરિસ્થિતિમાં બધાનો જ મંત્ર હતો. તિલકથી સુભાષ સુધી બધા જ ઉદાર હતા. આ નીતિમાં ગાંધી-નહેરુનો અપવાદ ન હતો તેમજ દાસ-સુભાષ પણ વિરોધમાં ન હતા. બંનેમાં ફરક એટલો જ હતો આ ઉદારતા દાસ-સુભાષમાં વધુ પ્રમાણમાં હતી. ગાંધીજી દાસબાબુ જેટલા ઉદાર થવા તૈયાર ન હતા. કૉંગ્રેસમાં 'ઓછી ઉદાર'નીતિના સમર્થકોની બહુમતી હતી. તેથી જ વધુ ઉદાર નીતિવાળાઓનો એટલે દાસ-સુભાષ પક્ષનો પરાજય થયો. આ બધી જ ઘટનાઓમાં નહેરુ ગાંધીજી પાછળ અને સુભાષ ચિંત્તરંજન પાછળ ઊભા રહ્યા હતા. બંને યુવાન નેતાઓએ પોતાના જ્યેષ્ઠ નેતાઓને સહકાર આપ્યો.

મુસ્લિમસમાજ અંગે સુભાષબાબુની ઉદારતા ફક્ત જુવાનીની ભાવનાશીલતા ન હતી. જે સમયે સુભાષ બોઝ કૉંગ્રેસના અધ્યક્ષપદે ચૂંટાયા તે વખતે તેઓએ ફરી એક વાર લીગ જોડે સમજૂતી સાધવા કોશિશ કરી હતી. જ્યારે ગાંધીજીની સામે જઈ તેઓ અધ્યક્ષપદેથી છૂટા થયા ત્યારે પણ તેઓ મુંબઈ ખાસ જઈ મોહમદઅલી ઝીણાને મળ્યા. ૨૨ જૂન, ૧૯૪૦ના રોજ સુભાષ-ઝીણા મુલાકાત થઈ ત્યારે લીગ જો અંગ્રેજો સામેની સશસ્ત્ર ક્રાંતિમાં સહકાર આપે તો ગાંધીજી કરતાં પણ કંઈક વધુ આપવા સુભાષે ઑફર કરી હતી એ વાત પ્રસિદ્ધ છે. ગાંધીજી કરતાં કંઈક વધુનો એનો અર્થ ૧૯૪૦માં શું થઈ શકે તે આપણે સમજી લેવું જોઈએ. ઈ.સ. ૧૯૩૯ થી પંડિત નહેરુ સ્વતંત્ર ભારતના સંવિધાનની ચર્ચા કરતા હતા. આ નવા સંવિધાનમાં લઘુમતીઓના રક્ષણની બાંહેધરી હતી. આ સમય સુધી લીગનો પાકિસ્તાનની માગણીનો ઠરાવ થયેલો ન હતો. પણ 'પાકિસ્તાન'ની ભાષા ચર્ચાતી હતી. એપ્રિલ, ૧૯૪૦માં ગાંધીજીએ જાહેર કર્યું કે કોઈ પણ પ્રાદેશિક ઘટકને તેની ઇચ્છા વિરુદ્ધ આઝાદ હિંદમાં સમાવી રાખવાની તેમની ઇચ્છા નથી. આમાં પ્રાદેશિક ઘટકનો અર્થ પૂર્વ બંગાલ, પશ્ચિમ પંજાબ, સિંધ, વાયવ્ય સરહદપ્રાંત, આ બધાનું મળી એક પાકિસ્તાન માનવા અમે તૈયાર છીએ, એવો પણ કરી શકાય. એપ્રિલ ૧૯૪૦માં ગાંધીજી આ પગલા સુધી જવા તૈયાર હતા. સુભાષચંદ્ર બોઝ જૂન, ૧૯૪૦માં આથી પણ બે ડગલાં આગળ જવા પોતે તૈયાર છે એમ મહમદઅલી ઝીણાને કહેતા હતા. આઝાદીના જંગમાં મુસ્લિમો સાથે રહે એ માટે જ લખનૌકરાર હતો. એ માટે જ 'દાસ-પૅકેટ' હતો એ માટે જ ગાંધીજીએ સ્વયંનિર્ણયને માન્યતા આપી હતી. એ માટે જ સુભાષબાબુ ગાંધીજીથી બે પગલાં આગળ જવા તૈયાર હતા. સુભાષબાબુના મનમાં કઈ વાત હતી એ જાણી ન શકાય. પણ અંદાજ કરી શકીએ છીએ. એક વાત નક્કી કે લોકો સમજે છે તે અર્થમાં સુભાષબાબુ હિંદુત્વવાદી ન હતા. તેઓની ભૂમિકા મુસ્લિમો અંગે વધુ ઔદાર્યપૂર્ણ હતી.

આ વાત આજે યાદ કરતાં પણ લોકોને આશ્ચર્ય થાય છે. કારણ એક જ છે. સુભાષબાબુ બંગાળના નેતા હતા અને બંગાળ મુસ્લિમ બહુમતીનો પ્રાંત હતો. મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતમાં નેતાગીરીની ઇચ્છા રાખનાર કોઈ પણ હિંદુ નેતાએ મુસ્લિમો અંગે વધુ ઉદાર વલણ રાખ્યા વગર છૂટકો ન હતો. બિપિનચંદ્ર પાલ અને ચિત્તરંજનદાસ ઉદારમતવાદી હતા. એ જ પરંપરામાં સુભાષ ઊછર્યા હતા. મુસ્લિમ કોમવાદનો અર્થ લાલા લજપતરાય જેટલો જ સુભાષ બોઝ પણ જાણતા હતા. ખિલાફત-આંદોલન પછીનાં હુલ્લડો ફક્ત કેરળના મોપલાએ જ કર્યા ન હતા. એના અંગાર

પંજાબ-બંગાળમાં પણ સળગ્યા હતા. ખરી વાત તો એ છે કે હિંદુ-મુસ્લિમ હુલ્લડોનો પ્રારંભ જ બંગાળથી થાય છે. ભાષાની એકતા હોવા છતાં બંગાળમાં હિંદુ-મુસ્લિમ સવાલ પહેલેથી જ ગંભીર રહ્યો. દરેક આંદોલન પછી નાનાંમોટાં હુલ્લડો થતાં જ રહેતાં. બંગભંગ પછી પણ એ હુલ્લડો થયાં. ખિલાફત પછી પણ થયાં. આઝાદીનાં ઉષ:કાલે અને આઝાદી પછી પણ એ હુલ્લડો ચાલુ જ રહ્યાં. મહારાષ્ટ્રમાંનાં હુલ્લડોથી દુ:ખ થાય અને ચર્ચાઓ થાય તેવી આ વાત નથી. એ એક ચૅલેન્જ હતી. હિંદુ-મુસ્લિમ સવાલના નિરાકરણ વગર બંગાળના કોઈ પણ નેતાને માટે ભવિષ્યનું સપ્નું જોવું અશક્ય હતું.

મહાત્મા ગાંધી સંપૂર્ણ અહિંસક હતા. તેઓનો કોઈ પણ શસ્ત્રબળ પર વિશ્વાસ ન હતો. પંડિત નહેરુ સશસ્ત્ર સેના પર ભરોસો રાખનાર હતા. સશસ્ત્રક્રાંતિ પણ તેમને ન્યાયસંગત લાગતી. છતાં ભારતની ખાસ પરિસ્થિતિમાં તેઓએ સશસ્ત્ર- ક્રાંતિનો પુરસ્કાર કર્યો નહિ. કૉંગ્રેસમાં એવા અનેક લોકો હતા, જેઓ સશસ્ત્ર ક્રાંતિને જ આઝાદીનો એક માત્ર વિકલ્પ માનતા. એ સશસ્ત્ર ક્રાંતિ માટે લોકજાગૃતિ માટેની યોજના તરીકે જ તેઓ સત્યાગ્રહનું મૂલ્યમાપન કરતા. સશસ્ત્ર ક્રાંતિમાં માનનાર બધા જ સોશિયાલિસ્ટો અને કમ્યુનિસ્ટો તે વખતે કૉંગ્રેસમાં જ હતા. મોટા ભાગના આર્યસમાજી પણ કૉંગ્રેસમાં હતા. શસ્ત્ર ધારણ કરવા અંગે પોતાના ધાર્મિક હક્ક માનનાર શીખો પણ કૉંગ્રેસમાં હતા. કૉંગ્રેસને અહિંસકોનું સંગઠન માની આપણે એક ભૂલ કરીએ છીએ. જે સશસ્ત્ર ક્રાંતિમાં માનતા બધા જ ગાંધીજીના વિરોધક હતા અને જે ગાંધીજીના વિરોધક હતા એ બધા હિંદુત્વવાદી હતા, એમ માનવાની બીજી ભૂલ પણ આપણે હંમેશાં કરીએ છીએ. આકલનમાં એક પછી એક એવી ભૂલો કરવાથી સત્ય જડતું નથી. સુભાષબાબુ પરદેશ જતાં પહેલાં સ્વાતંત્ર્યવીર સાવરકરને મળ્યા હતા એ વાત ખરી છે, પણ તેઓ સાવરકરને મળ્યા તેમ ઝીણાને પણ મળ્યા. પછી તેઓએ જ્યારે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ત્યારે તે ફોજમાં અખંડ ભારતવાદીઓ સાથે પાકિસ્તાનવાદીઓ પણ હતા. આઝાદ હિંદ ફોજના બળવાની તુલનામાં આ બળવાઓ થયા. ૧૯૪૬ સાલના ખલાસીઓના બળવાની તુલનામાં આ બળવાઓ થયા. ૧૯૪૬ સાલના ખલાસીઓના બળવાની તુલનામાં આ બળવાઓ નાના હતા તેથી તેમની યાદ આપણે ભૂલી ગયા છીએ. સેનામાંના હિંદુ સૈનિકોએ હંમેશા કૉંગ્રેસ ધ્વજ રાખીને જ બળવો કર્યો અને મુસ્લિમોએ લીગનો ઝંડો ફરકાવ્યો. મહાત્મા ગાંધીને ગાળો આપનાર અને એ સિવાય બીજી કોઈ કામગીરી ન કરનાર હિંદુત્વવાદીઓને આ વાત કોઈ દિવસે સમજાઈ નહિ કે હિંદુ જનતા જો કૉંગ્રેસ નેતાગીરીને જ માનતી હોય તો તેનાં જ સગાંવહાલાં લશ્કરમાં હોય છે. હિંદુ સેના કૉંગ્રેસને જ નેતાગીરી આપતી હતી અને મુસ્લિમ સેના લીગને, લશ્કરમાં પાકિસ્તાન અંગે મુસ્લિમોમાં એટલી તીવ્ર લાગણી હતી. ભારતવિભાજન વખતે લશ્કરમાં ૪૫% મુસ્લિમ ફોજ હતી એમાંથી માંડ એક યા દોઢ ટકા છોડી બાકીના સૈનિકોએ પાકિસ્તાનને અપનાવ્યું. કાશ્મીર પર પાકિસ્તાને હુમલો કર્યો તેમાં પણ બે સેનાપતિઓ આઝાદ હિંદ ફોજમાં સેનાની હતા. અંગ્રેજો સામે લડવા માટે 'અખંડ ભારત' પર શ્રદ્ધા સુભાષ માટે અનિવાર્ય શરત ન હતી.

સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદને ગુરુસ્થાને ગણતા. વિવેકાનંદ અંગે એમના હૃદયમાં અસીમ આદરની ભાવના હતી. આજે એવી સમજ ફેલાવવામાં આવે છે કે સ્વામીજી માટેની શ્રદ્ધા એટલે અખંડ હિંદુસ્તાન અને હિંદુત્વ અંગે અંતિમ પુરાવો ગણાય. આજની આ સ્થિતિ આઝાદી પહેલાંની સ્થિતિ સાથે મળતી ન હતી. અંગ્રેજોને પણ મહાત કરે એવી શૈલીમાં અંગ્રેજીમાં નેતૃત્વ કરનાર આ ભારતનો સંન્યાસી પરતંત્ર ભારતમાં, ભારતની અસ્મિતાના પ્રતીક સમો હતો. તેથી બધા જ હિંદુઓ માટે એ વંદનીય હતો. વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ, યોગી અરવિંદ આ બધાના ચાહકો અને પૂજકો તે વખતે કૉંગ્રેસમાં હતા. ખાસ કરીને વિવેકાનંદ તો બધાના જ પ્રિય હતા. પંડિત નહેરુથી માંડીને બધા જ વિવેકાનંદને આદરાંજલિ અર્પણ કરતા. વિવેકાનંદ અંગેનો આદર બધાને જ ખપે એવો હતો. એ અંગે કોઈ મુશ્કેલી ન હતી. વિવેકાનંદ, સમાજ અને રાષ્ટ્રની સેવાને જ પ્રભુસેવા માનતા હતા. તેથી લોકમાન્ય તિલકના નિષ્કામ કર્મયોગને એક મહાન સંતની માન્યતા મળતી હતી. બીજી વાત, વિવેકાનંદ અધ્યાત્મને જ ધર્મ માનતા. રૂઢી ના એ વિરોધી હતા. સુધારણામાં માનનાર એ સંત હતા. બધા જ ધર્મો મૂલતઃ સત્ય છે એમ તેઓ માનતા હોવાથી કૉંગ્રેસના સર્વધર્મસમભાવ સાથે એનો મેળ ખાતો હતો. આઝાદી પહેલાના રાજકીય જીવનમાં વિવેકાનંદ કૉંગ્રેસે સંપૂર્ણપણે સ્વીકારેલા રાષ્ટ્રીય સંત હતા. વિવેકાનંદ અંગે સુભાષબાબુની ભૂમિકા શું હતી એ અંગેનાં અવતરણોથી કોઈ અલગ સિદ્ધાંત સમર્થનીય બનતો નથી.

કૉંગ્રેસ-આંદોલન એક રાષ્ટ્રીય આંદોલન હતું. ભારત એ અંગ્રેજોને જીતીને તેઓના શાસન નીચે રાખેલ પ્રદેશથી નિર્માણ થયેલું રાષ્ટ્ર નથી પણ હજારો વર્ષની પરંપરાથી જીવી રહેલું રાષ્ટ્ર છે. આવતી કાલ આ રાષ્ટ્રનો ઉજ્જવલ ભવિષ્યનો કાલ છે. ભારતે સમસ્ત દુનિયાને નવો સંદેશ આપવાનો છે. એવી જ ધારણા બધા રાષ્ટ્રવાદીઓની હતી. કૉંગ્રેસ સંસ્થાપક ન્યાયમૂર્તિ રાનડેની લોકમાન્ય તિલકની, મહાત્મા ગાંધી અને વીર જવાહરની હતી. સુભાષની ભૂમિકા પણ એ જ હતી. બધા જ રાષ્ટ્રવાદીઓની ભૂમિકાને વિવેકાનંદ એક આધાર આપનાર સંત હતા. તેથી વિવેકાનંદને ગુરુસ્થાને માનવાથી હિંદુત્વવાદ સાથે કોઈ સંબંધ પ્રસ્થાપિત થતો નથી.

હિંદુત્વવાદ એ શબ્દની પણ ફરીથી વ્યાખ્યા કરવાની જરૂર છે. આ દેશમાં બહુસંખ્ય પ્રજા હિંદુધર્મ પાળનાર છે એ બધા જ માને છે, જેની પાછળ હિંદુ બહુસંખ્ય જનતા હશે તે જ નેતા બહુમતનો નેતા બનશે એ વાત પણ સ્પષ્ટ હતી. આઝાદી પછીના ભારતમાં હિંદુ સમાજ, નિર્ણાયક પરિબળ રહેશે એ પણ બધાને માન્ય હતું. આ વાતો કહેવાની પહેલાં અલગ રીત હતી. રાનડે કહેતા કે દુનિયાની પ્રાચીન સંસ્કૃતિનો વારસો ચલાવનાર આ રાષ્ટ્ર પરમેશ્વરને પ્રિય છે માટે તે અમર રહેશે. ગાંધી કહેતા, મને ભારતમાં રામરાજ્ય જોઈએ. નહેરુ કહેતા કે આ રાષ્ટ્રને પાંચહજાર વર્ષનો ઇતિહાસ છે. આ ભૂમિકા હિંદુત્વવાદની ભૂમિકા નથી. આ ભૂમિકા તો બધાની જ હતી. પણ નવા ભારતમાં બધા જ ધર્મોની જનતાને સમાન નાગરિક તરીકેના અધિકાર રહેશે. સરકાર ધર્મ પર આધારિત રહેશે નહીં. આ કેન્દ્રીય રાષ્ટ્રીય ભૂમિકા હતી. આ રાષ્ટ્ર હિંદુઓનું છે. હિંદુધર્મ પર આધારિત રાજ્ય રહેશે. બીજા ધર્મોને પંથોને હિંદુઓ સાથે સમાન અધિકાર મળશે, એ હિંદુત્વવાદી ભૂમિકા હતી. સુભાષબાબુની વાત બાજુએ મૂકીએ પણ સ્વામી વિવેકાનંદ પણ આ ભેદભરી ભૂમિકા સ્વીકારતા ન હતા. કારણ તે બંગાળના સંતાન હતા.

બાબુ સુભાષચંદ્ર બોઝની રાજકીય કારકિર્દી બહિષ્કાર-આંદોલનથી શરૂ થાય છે. સ્વદેશી બહિષ્કાર ઇ. ચતુ:સૂત્રી કાર્યક્રમ લોકમાન્ય તિલકે કહ્યો એનો બંગાળ અંગે ખાસ અર્થ છે. મધ્યયુગમાં બંગાલ કપાસના વ્યાપારનું કેન્દ્ર હતું. ઝીણા સૂતરનાં ઉત્તમ વસ્ત્રો વણવા અને દુનિયાભરમાં વેચવામાં બંગાલ અગ્રેસર હતું. રાજસત્તાના જોરે આ ઉદ્યોગ નષ્ટ કરીને જ અંગ્રેજોએ પોતાના કાપડઉદ્યોગનો વિસ્તાર કર્યો. શોષણ પર આધારિત અંગ્રેજી સમૃદ્ધિ મેળવી. બંગાળમાંના નરમ દળના રમેશચંદ્ર દત્ત હોય કે સુરેન્દ્રનાથ બૅનર્જી હોય, અંગ્રેજોએ કરેલી લૂંટ એમનાં ભાષણોનો કાયમનો વિષય હતો. વીસમી સદીના પ્રારંભમાં પણ એ યાદ તાજી હતી. હજુ

હાથ વણાટઉદ્યોગ ચાલતો. વણકરો મોટા ભાગે મુસલમાન હતા. પરદેશી કાપડનો બહિષ્કાર મુંબઈના કામદારોને બેકારી લાદનાર લાગ્યો હોય, મૂડીપતિઓનો સ્વાર્થ જોખમાતો હોય છતાં આ કાર્યક્રમ બંગાલી મૂડીપતિઓને પ્રિય હતો. કારણ તેઓ પરદેશમાં શણ વેચતા હતા. સ્વદેશી કપડાને એમનો ટેકો હતો. અને લાખો મુસ્લિમ વણકરોને એ કાર્યક્રમ અત્યંત પ્રિય હતો. ૧૯૦૫-૬ના બહિષ્કારયુગમાં બંગાળમાં તિલક મહારાજ એટલા લોકપ્રિય હતા કે ઢાકાના મુસ્લિમોએ ભારતીય કૉંગ્રેસના અધ્યક્ષપદે તિલકનું નામ સૂચવ્યું હતું. આ સભામાં એક લાખ મુસલમાનો હાજર હતા. લોકમાન્ય તિલકનું નામ કૉંગ્રેસ અધ્યક્ષપદ માટે સર્વપ્રથમ બંગાળની મુસ્લિમોએ સૂચવ્યું, બીજા પ્રાંતોના હિંદુઓએ નહીં, એ વાત ધ્યાનમાં રાખવી આવશ્યક છે. બંગભંગના આંદોલન પછી બિહાર-બંગાળના કોઈ પણ નેતા પરદેશી માલ પરના બહિષ્કાર-આંદોલનની અવગણના કરી શકે એવી સ્થિતિ ન રહી. બંગાળની એક ખાસ પરિસ્થિતિ હતી. દરિદ્રો, ગરીબ જનતા અસ્પૃશ્ય અને મુસલમાન હતી, તેથી બંગાળનો લોકપ્રિય નેતા કોણ થઈ શકે તેનો જવાબ પરિસ્થિતિમાંથી જ નક્કી થઈ ચૂક્યો હતો. હંમેશા ધર્મસુધાર, સમાજસુધારનો પુરસ્કાર કરનાર, સમાજવાદી વિચારસરણીને અપનાવનાર અને મુસલમાનો માટે ઉદાર દૃષ્ટિ ધરાવનાર એ જ બંગાળના નેતાનું રૂપ શક્ય હતું. આ પરિસ્થિતિમાંથી સુભાષબાબુનું નેતૃત્વ ઘડાયું હતું.

આ વાત વિસ્તારપૂર્વક કહેવાની જરૂરત એટલા માટે છે કે સુભાષબાબુ આરંભમાં, મધ્યમાં અને અંત સુધી કૉંગ્રેસમાં હતા. ત્રિપુરી કૉંગ્રેસ સુધી તેઓ સંપૂર્ણ રીતે કૉંગ્રેસમય હતા એ વાત તો બધા જ જાણે છે. લોકો એમ માને છે કે કૉંગ્રેસ એમને ગાંધીજીના વિરોધના કારણે છોડવી પડી અને ત્યાર બાદ તેઓએ ફૉરવર્ડ બ્લૉકની સ્થાપના કરી તેથી તેઓએ કૉંગ્રેસનો ત્યાગ કર્યો હતો. સામાન્ય માણસો એમ માને છે કે નેતાજીના રાજકીય જીવનનો પ્રારંભ થયો હોવા છતાં ગાંધીજીના નેતૃત્વથી કંટાળી આગળ જતા તેઓએ કૉંગ્રેસનો ત્યાગ કર્યો આ સવાલ મહત્ત્વનો છે. ઘડાયેલા સુભાષબાબુનો ગાંધીજી પરનો અને અહિંસા પરનો વિશ્વાસ ડગી ગયો હતો એમ કહ્યા વગર એમને હિંદુત્વવાદી કેવી રીતે સાબિત કરી શકાય ? અને તેઓને હિંદુત્વવાદી સાબિત કર્યા વગર તેમની સાવરકર જોડેની મુલાકાતનો અર્થ જ શું રહ્યો? આ બધા જ વિવેચનના માળખામાં એક મોટી ખામી છે. એ વાત છે કે સુભાષબાબુએ આખર સુધી કૉંગ્રેસનો ત્યાગ કર્યો ન હતો. તેમનો ફૉરવર્ડ બ્લૉક ૧૯૩૯ સુધી કૉંગ્રેસના અંદર અનેક પક્ષ હતા એમાંનો એક પક્ષ હતો. કૉંગ્રેસમાંના નવજુવાનો, કૉંગ્રેસમાંના સમાજવાદીઓને પોતાના તરફ વાળી શકાય તો બહુમત તેમના પક્ષે હશે એમ નેતાજીની માન્યતા હતી. સત્તા છોડીને કૉંગ્રેસ ફક્ત સ્થગિત થઈ છે. આ ચુપકીદી ઠીક નથી. કૉંગ્રેસે અંગ્રેજવિરોધી આંદોલન છેડવું જોઈએ એમ તેઓ માનતા હતા. કૉંગ્રેસીઓ આંદોલનના માર્ગે આગળ વધો એ ફોરવર્ડ બ્લૉક શબ્દનો અર્થ હતો. ત્રિપુરી અધિવેશનમાં છ માસમાં સ્વરાજ ન સોંપાય તો દેશભરમાં કાનૂનભંગનું આંદોલન એ નેતા નો કાર્યક્રમ હતો. આ ભૂમિકા અમાન્ય થઈ તેથી એમણે ફોરવર્ડબ્લૉકની સ્થાપના કરી હતી. તેમાંનો ફોરવર્ડ એ શબ્દ પણ જૂનો જ છે. ચિત્તરંજનદાસે સ્થાપન કરેલા સામયિકનું એ નામ હતું. તેમાં સુભાષબાબુ લેખો લખતા ત્યાર બાદ ૧૯૪૦માં તે સાવરકર અને ઝીણા બન્નને મળ્યા-પણ બન્ને સાથેની વાતચીતમાં તેમની ભૂમિકા કૉંગ્રેસમાંના પ્રગતિશીલ બહુમતના નેતાની જ હતી. પછી તેઓ અફઘાનિસ્તાન માર્ગે રશિયા થઈ જર્મની ગયા. પછી જાપાન આવ્યા. ત્યાર બાદ ૨૧ ઑક્ટોબર, ૧૯૪૩માં મલાયામાં તેઓએ આઝાદ હિંદ હકૂમતની આરઝી હકૂમત કાયમ કરી. આરઝી હકૂમતના પ્રમુખ તરીકે તેઆએ જે ભૂમિકા રજૂ કરી છે, તેનું સ્વરૂપ પણ વિચારવા જેવું છે.

સુભાષબાબુએ કહ્યું કે આ સરકારનો ધ્વજ કૉંગ્રેસનો ચરખા અંકિત તિરંગો જ રહેશે, કારણ એ ધ્વજને અમે રાષ્ટ્રધ્વજ માનીએ છીએ. કમસે કમ એ સમય સુધી તો બીજો કોઈ ધ્વજ તેમને પૂજ્ય લાગ્યો ન હતો. આગળ તેઓએ કહ્યું હતું કે અમારી સરકાર કૉંગ્રેસને જ ભારતીય જનતાનો એકમેવ પ્રતિનિધિ પક્ષ માને છે. અમે સ્વતંત્ર ભારતની સરકારની રચના કરવાની કે આઝાદ હિંદનું બંધારણ ઘડવાની જવાબદારી માથે લીધી નથી. તે કામ આઝાદ હિંદની જનતાએ કરવાનું છે. આઝાદી પછી કૉંગ્રેસે એ કામગીરી કરવાની રહેશે. અમે ફક્ત અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધ કરી ભારત આઝાદ કરવાની જવાબદારી માથે લીધી છે. આગળ એક ભાષણમાં સુભાષબાબુએ કહ્યું: 'અમે ગાંધીજીને રાષ્ટ્રપિતા માનીએ છીએ'. આઝાદ હિંદ સરકારના તાબાના બધા જ પ્રદેશમાં રાષ્ટ્રપિતાની જયંતીએ અધિકૃત અભિવંદના અને રાષ્ટ્રીય તહેવાર જાહેર કરાયો હતો. ફરી આગળ એક વ્યાખ્યાનમાં તેઓએ કહ્યું કે લાહોરમાં સંપૂર્ણ આઝાદીના સોગંદ લીધા હતા તે જ સોગંદની પરિપૂર્તિ માટે અમારી લડાઈ છે. દિલ્હીના લાલ કિલ્લાપર તિરંગો ધ્વજ લહેરાવી અમો રાવીના કિનારે લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માગીએ છીએ અને સુભાષબાબુએ પોતાના સૈનિકોને આખરી સંદેશમાં ભારતમાં જઈ કૉંગ્રેસની નેતાગીરી નીચે સ્વદેશસેવા કરવાનું જણાવ્યું હતું.

સુભાષબાબુનો ગાંધીજી સામેનો વિરોધ અહિંસાના સવાલ પર ન હતો. ગાંધીજી અહિંસા છોડે એવી કોઈની પણ માંગણી ન હતી. કૉંગ્રેસે પૉલિસી તરીકે અહિંસાનો સ્વીકાર કર્યો હતો. તેથી કૉંગ્રેસના ધ્યેયધોરણમાં મૂળભૂત ફરક કરવાનો સવાલ ન હતો. નેતાજીની માગણી કૉંગ્રેસ આંદોલન શરૂ કરે એ હતી. એક વાર સામૂહિક આંદોલન શરૂ થાય પછી ૪૨નું આંદોલન જે પ્રમાણે જનતાએ પોતાની તાકાત પ્રમાણે ચલાવ્યું એ જ રીત ૧૯૩૯માં અમલમાં મુકાઈ હોત. નેતાજીનો આગ્રહ એટલો જ હતો કે ચૂપ ન બેસો, આંદોલન શરૂ કરો. ૧૯૪૨માં કૉંગ્રેસે આંદોલન શરૂ કર્યું અને આ મુદ્દા પરનો મતભેદ પણ ભૂંસાઈ ગયો. બાકી રહેલા સુભાષ કાયમ કૉંગ્રેસમાં જ હતા. તે કૉંગ્રેસવાળા જ રહ્યા. આઝાદ હિંદ ફોજના સૈનિકોની મુક્તિનું કામ કરનારા કૉંગ્રેસવાળા જ રહ્યા. આઝાદ હિંદ ફોજના સૈનિકોની મુક્તિનું કામ કૉંગ્રેસના માથે જ રહ્યું. તે કામ કૉંગ્રેસે જ માથે લઈ પાર પાડ્યું જે વકીલો સૈનિકોની મુક્તિ માટે કોર્ટમાં ઊભા રહ્યા તેઓ કૉંગ્રેસવાળા જ હતા. આ બંદીઓને મુક્ત કરવાનું આંદોલન કૉંગ્રેસે જ કર્યું. નેતાજીના ભાઈ શરદ બોઝ કૉંગ્રેસમાં જ હતા. ત્યાર બાદ કૉંગ્રેસના મંત્રીમંડળમાં પણ હતા. સુભાષચંદ્ર ખાસ આપણા જ છે એ જાણ આંદોલન બહાર રહેલાઓને બહુ મોડી થઈ!

સુભાષબાબુ કૉંગ્રેસવાળા હતા. ખરું જોતાં કૉંગ્રેસના ઘડતરના એક શિલ્પકાર હતા. ૧૯૨૦ પછી કૉંગ્રેસે જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું એના પંડિત નહેરુ અને સુભાષ બોઝ બન્ને પ્રમુખ ઘડવૈયા હતા. ૧૯૨૭માં આ બન્ને નેતા યુવાન હતા, બન્નેના સ્વભાવમાં બહુ અંતર હતું. સાદી સમય સાચવવાની વાત હોય તો પંડિતજી ઘડિયાળના ગુલામ હતા ત્યારે નેતાજી ઘડિયાળની ગુલામીથી પણ આઝાદ હતા! પણ પોતાના સ્વભાવભેદ દૂર રાખી બન્ને નજીક આવ્યા. તેમાં પંડિતજી જ્યેષ્ઠ હતા, કારણ ઉંમરમાં થોડા મોટા હતા. આ સમય સુધી કૉંગ્રેસનું ધ્યેય ફક્ત 'સ્વરાજ્ય' એ જ હતું. 'સ્વરાજ્ય'નું ધ્યેય બદલી સંપૂર્ણ 'સ્વાતંત્ર્ય'નું ધ્યેય કૉંગ્રેસે અપનાવવું એ આગ્રહ નહેરુ-સુભાષ એ જોડીનો હતો. ગાંધીજીનો આ ફેરફારનો વિરોધ હતો. ગાંધીજીની ઇચ્છા વિરુદ્ધ આ બે યુવાન નેતાઓ કૉંગ્રેસ સંપૂર્ણ આઝાદીનો ઠરાવ કરે એ માટે સંઘર્ષ કરતા રહ્યા. પંડિત નહેરુના નામને આ પહેલાં પણ મહત્ત્વ મળેલું હતું. ૧૯૨૩માં તેઓ કૉંગ્રેસ

સ્વયંસેવકદળના વડા હતા. ૧૯૨૪-૨૫માં તે કૉંગ્રેસના મંત્રી હતા. બ્રસિલ્સ ખાતે ભરાયેલી પરિષદમાં તેઓ ભારતના પ્રતિનિધિ હતા. તેથી નહેરુના નામની મહત્તા હતી. ૧૯૨૭માં ગાંધીજીની મરજી વિરુદ્ધ સંપૂર્ણ આઝાદીનો ઠરાવ એ નેતાઓએ પાસ કરાવ્યો ત્યારે ગાંધીજી બહુ જ ચિઢાયા. કૉંગ્રેસની અંદર એક મોટા સંઘર્ષ નહેરુ અને બોઝે સતત બે-અઢી વર્ષ સુધી ચાલુ રાખ્યો. ઈ.સ. ૧૯૨૯માં પણ ગાંધીજી 'સાંસ્થાનિક સ્વરાજ' એ ભૂમિકા પર અડીખમ હતા. છતાં આ પાર્શ્વભૂમિ પર કૉંગ્રેસે કરેલ સંપૂર્ણ આઝાદીનો ઠરાવ નહેરુ-સુભાષનો સંયુક્ત વિજય હતો. સંપૂર્ણ આઝાદી માનનાર કૉંગ્રેસ ગાંધીજીની કૉંગ્રેસ ન હતી. ગાંધીજીની નેતાગીરી નીચે ગાંધીજીને રાષ્ટ્રપિતા માનનારી છતાં એ નહેરુ-સુભાષની કૉંગ્રેસ હતી.

આઝાદી એ આ યુવકો સામે ફક્ત ભાવનાશીલતાનો સવાલ ન હતો. રશિયન રાજ્યક્રાંતિ બાદ ભારતીય યુવકોમાં સમાજવાદ માટે જિજ્ઞાસા પેદા થવા માંડી હતી. ઠેઠ આરંભ વખતે જે જ્યેષ્ઠ નેતાઓમાં સમાજવાદ અંગે વિચાર પેદા થયો તેઓમાં સુભાષ-નહેરુ હતા. મીરત કાવતરા કેસથી સમાજવાદનો વિચાર વધુ ગંભીરતાથી થવા માંડ્યો. રશિયાની મુલાકાત પછી પંડિતજી વધુ સમાજવાદી બન્યા હતા, અને સમાજવાદના સવાલો અંગે સુભાષ નહેરુ કરતાં વધુ કટ્ટર હતા. આઝાદીના ઠરાવ પછી એક મોટું આંદોલન થયું અને સંપૂર્ણ આઝાદીનું કૉંગ્રેસનું ધ્યેય વધુ દઢ બન્યું છતાં નહેરુ અને સુભાષ બંનેને પણ પૂર્ણ સમાધાનકારક પરિસ્થિતિ ન હતી. તેથી જ ૧૯૩૧માં આ બંનેએ મળીને કરાંચીકૉંગ્રેસ સમક્ષ આર્થિક કાર્યક્રમ અંગેનો ધોરણ વિષયક પ્રસ્તાવ મૂક્યો હતો. આ ઠરાવમાં 'સમાજવાદ' શબ્દ મૂકવામાં આવ્યો ન હતો. પણ આઝાદ હિંદના બધા મહત્ત્વના ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણની ઘોષણા હતી. આ જ અધિવેશનમાં જનતાના મૂળભૂત હકો અંગે ઠરાવ રજૂ થયો. એ જ ઠરાવ આજે અલગ શબ્દોમાં ભારતીય બંધારણમાં સામેલ કરવામાં આવ્યો છે. ૧૯૨૯માં નહેરુજીને અધ્યક્ષ બનાવવા માટે સુભાષનો આગ્રહ હતો. ૧૯૩૬ અને ૩૭માં પણ પંડિતજી જ અધ્યક્ષ થાય તે માટે સુભાષે પોતાની તાકાત વાપરી હતી. ૧૯૩૮માં પંડિતજીના પીઠબળથી જ સુભાષબાબુ વિવાદ વગર કૉંગ્રેસના અધ્યક્ષ ચૂંટાયા. ૧૯૩૯માં પટ્ટાભિ સીતારામૈયાનો પરાભવ કરી સુભાષબાબુ ફરી અધ્યક્ષ ચૂંટાયા, ત્યારે પંડિતજીનો ટેકો ન હતો. ગાંધીજીનો વિરોધ હતો. છતાં પંડિતજીનો ટેકો સુભાષને છે એની જ છાપ હતી. તેથી જ સુભાષ જીતી શક્યા એ વાત ત્યારનાં સામયિકો વાંચવાથી પણ સ્પષ્ટ થાય છે. ૧૯૩૬થી જ કૉંગ્રેસમાં એક નવો સંઘર્ષ શરૂ થયો હતો. સ્વાતંત્ર્યવાદી કૉંગ્રેસને સમાજવાદી બનાવવા માટેનો આ સંઘર્ષ હતો. કૉંગ્રેસને સમાજવાદી બનાવવા સામે પોતાનો સંપૂર્ણ વિરોધ વ્યક્ત કરવા વર્કિંગ કમિટીના ૭ જ્યેષ્ઠ નેતાઓએ રાજીનામાં આપ્યાં. ૧૯૩૬ની આ ઘટનામાં મુખ્ય સૂત્રધાર સરદાર પટેલ હતા. ગાંધીજીનો એમને આશીર્વાદ હતો. કૉંગ્રેસને તત્કાલ સમાજવાદી રૂપ આપવાની વાત અશક્ય છે પણ ધીરે-ધીરે એ માટે પ્રયત્ન કરવો જોઈએ, એવી પંડિતજીની ભૂમિકા હતી. સુભાષબાબુ આ બાબતમાં વધુ ઉદ્દામ હતા એટલો જ અર્થ આમાંથી તારવી શકાય. સુભાષ બોઝના ફૉરવર્ડ બ્લૉકના સાથીઓ સમાજવાદી જ હતા. કેટલાક તો સીધા કમ્યુનિસ્ટ હતા. ફૉરવર્ડ બ્લૉકના જે અવશેષો આજે બંગાળમાં છે, તે કાયમ કમ્યુનિસ્ટોના સહપ્રવાસી રહ્યા છે.

સુભાષબાબુને નહેરુનું મહત્ત્વ માન્ય જ હતું. તે પંડિતજીને કાયમ પોતાના નેતા માનતા. જ્યેષ્ઠ માર્ગદર્શક અને સલાહકાર માનતા. તેઓએ પંડિતજીને લખેલા અને હવે પ્રસિદ્ધ થયેલા એમના પત્રો જરૂર વાંચવા જેવા છે. ડાબેરી, જમણેરી, બહુજનસમાજ, બહુમતી, લઘુમતી બધાને માન્ય અને ગાંધીજી પણ જેને માને એવા એકમેવ નેતા નહેરુ છે એમ સુભાષબાબુ માનતા. સુભાષબાબુ જીવતા હતા ત્યારે પણ બંગાળ અને ઈતર પ્રાંતો પણ ભારતના નેતા તરીકે પંડિતજીને જ ગણતા. એ વાતના અનેક પુરાવાઓ મળશે સુભાષબાબુએ પોતે નિયોજનમંડળ નીમ્યું એની નેતાગીરી પંડિતજીને જ સોંપી હતી. અને ૧૯૩૭ની ચૂંટણી પંડિતજીની નેતાગીરી હેઠળ જ લડાય એ માટે પ્રયત્ન કર્યો હતો. પંડિત નહેરુ અને સુભાષ એકબીજાના પ્રતિસ્પર્ધી હતા. પંડિત નહેરુ સુભાષને પોતાના પ્રતિસ્પર્ધી ગણતા એવી વાતો એક ગપગોળો જ છે. જયપ્રકાશ, નરેન્દ્ર દેવ, સુભાષ જેવા જુવાનોના લાડીલા નેતાઓ કૉંગ્રેસમાં હતા પણ તેમાંથી કોઈ પણ પંડિતજીના સ્પર્ધક ન હતા. કારણ સાર્વત્રિક માન્યતાનું પંડિતજીનું સ્થાન બીજા કોઈએ હાંસલ કરેલું ન હતું.

સુભાષબાબુ કૉંગ્રેસમાં હતા એનો અર્થ શંકરરાવ દેવ કે માનવેન્દ્રનાથ રૉય કે પુરુષોત્તમદાસ ટંડન કૉંગ્રેસમાં હતા એ હકીકતની સાથે મૂકવા જેટલો સાદો નથી. કૉંગ્રેસ સંગઠન હંમેશ રાષ્ટ્રવાદી અને લોકશાહીપ્રધાન રહ્યું. કૉંગ્રેસની લોકશાહીને સંસદીય લોકશાહીનું અને કૉંગ્રેસના રાજકારણને પૂર્ણ આઝાદીનું અને કૉંગ્રેસના લોકશાહી રાષ્ટ્રવાદને સમાજવાદનું રૂપ જેઓએ આપ્યું એ માણસો માત્ર કૉંગ્રેસવાદી ન હતા. તેઓ કૉંગ્રેસના ઘડવૈયા હતા. કૉંગ્રેસ સંગઠન તેમના ધ્યેયવાદનો આવિષ્કાર હતો. આજની કૉંગ્રેસ પંડિત નહેરુની કૉંગ્રેસ છે. તે પછી નામ લેવું હોય તો સુભાષબાબુની કૉંગ્રેસ છે. ગાંધીજી અને સરદાર જેટલા અર્થમાં કૉંગ્રેસી હતા તે કરતાં વધુ ઊંડા અર્થમાં સુભાષબાબુ કૉંગ્રેસમૅન હતા. ઉપરના વિવેચનનો અર્થ કૉંગ્રેસમાં અંતર્ગત સંઘર્ષો હતા જ નહીં એવો નથી. બધા જ એક વિચારના હતા એ અર્થ યોગ્ય નથી. કૉંગ્રેસમાં સંઘર્ષ હતા. પ્રમુખ સંઘર્ષ ડાબેરી અને જમણેરી વિચારસરણીમાં હતો. મહાત્માજીને ડાબેરી કે જમણેરી એવાં લેબલ લગાડવાથી અર્થ સરતો નથી. ગ્રામીણ જનતા માટે તેમનો પ્રેમ, દલિતો માટે એમનું મનદુઃખ અને ધનસંપત્તિના કેન્દ્રીકરણ સામેનો એમનો વિરોધ આ વાતો એટલી સ્પષ્ટ હતી કે સમાજવાદીઓને હંમેશાં તેઓ આપણામાંના જ એક લાગતા અને પોથીપંડિત સમાજવાદીઓ કરતાં વધુ ક્રાંતિકારી વલણ રાખનાર જનતાના નેતા તરીકે માન્ય હતા. છતાં તેમનાં રાજકીય પગલાં કોઈને પણ માન્ય રહેતાં નહિ. એક બાજુ જનઆંદોલનો અચાનક પાછાં ખેંચી તેઓ બાંધછોડ કરતા. તેમનો નિર્ણય સમય જતાં યોગ્ય સાબિત થાય છતાં તે તે વખતે તેમના નિર્ણયોથી અનેક કાર્યકરો અને નેતાઓ ગુસ્સે થતા. બીજી વાત એ કે જમણેરી પરિબળોને તેમનો આશીર્વાદ કાયમ મળતો રહેતો. જમણેરી પ્રવૃત્તિ સામે કૉંગ્રેસમાં જે અંતર્ગત સંઘર્ષ હતો, તેમાં હંમેશાં એક બાજુ પર નહેરુ-સુભાષ અને સામે સરદાર-રાજેન્દ્ર પ્રસાદ એ પ્રમાણે વહેંચણી હતી અને જરૂર લાગે તો ગાંધીજી સાથે બધાં જ જમણેરી પરિબળોને હરાવવાનો પેંતરો તેમને લેવો પડતો. આ જમણેરી ગ્રૂપને ખેંચીને જ સંપૂર્ણ આઝાદીના ધ્યેય સુધી લાવવા પડ્યા. સમાજવાદી સંકલ્પના કમમાં કમ ઉચ્ચારમાં માન્ય કરવાની ફરજ પાડવામાં આવી. રાજામહારાજાઓ અંગે આ લોકોમાં પ્રેમભાવ હતો એ ખતમ કરવો પડ્યો. ગતિ ભલે મંદ હોય છતાં કૉંગ્રેસ હંમેશાં ડાબેરી વલણ સાથે જ આગળ વધી અને જમણેરી ગુટ આ ગતિ મંદ કરવાથી અધિક કાંઈ જ સાધી શક્યો નહિ.

આ સંઘર્ષમાં જમણેરી ગુટમાંથી ગાંધીજી જ ડાબેરીઓને નજીકના લાગતા અને ડાબેરીઓમાંથી નહેરુ જ જમણેરીઓને નજીકના લાગતા. તેથી જ સુભાષબાબુની ભાષા ટીકાટિપ્પણી કરતી વખતે કઠોર રહેતી. છતાં એક જ પ્રસંગ બાદ કરીએ તો નહેરુની નેતાગીરીનો એમણે કોઈ દિવસે ઈન્કાર કર્યો નથી. સુભાષ પોતે જેલમાં હોય, દેશમાં હોય કે વિદેશમાં હોય, આ સંઘર્ષ સતત ચાલુ રહ્યો. સમાજવાદી ગુટ, પંડિતજી અને સુભાષમાં

એકંદરમતી હતી ત્યાં સુધી સુભાષની હાર અશક્ય હતી. ગણગણાટ સિવાય જમણેરી ગુટ વધુ કાંઈ કરી શકત નહીં.

છતાં સુભાષબાબુની જિંદગીમાં એક પ્રસંગ એવો આવ્યો કે સમાજવાદી ગુટ, નહેરુ, ગાંધીજી અને જમણેરી ગુટ એકત્ર થયાં. તેથી સુભાષની હાર નિશ્ચિત બની. આ એવી ઘડી હતી કે જ્યારે ઉપરથી આ સંઘર્ષ સુભાષ અને મહાત્માજી વચ્ચે દેખાતો હતો. છતાં ખરો સંઘર્ષ સુભાષ અને નહેરુ વચ્ચે હતો. સંઘર્ષનું કારણ સમાજવાદનો મુદ્દો ન હતો. પણ આઝાદીની લડતના દાવપેચ અંગેના મતભેદો એ મુખ્ય કારણ હતું. આ મુદ્દાના ઊંડાણમાં ઊતરી જોવાની જરૂર છે. આટલા દૂરથી કે તટસ્થ- વૃત્તિથી આ પ્રસંગે કોણ ખરો અને કોની ભૂલ એ કહેવું ઠીક નથી.

સુભાષબાબુ ૧૯૩૩થી ૩૬ સુધી યુરોપમાં હતા. ફેસિઝમનો ઉદય અને મુસોલિનીએ કરેલ સત્તા પરનો કબજો નજરે જોતા હતા. બીજી બાજુ પર નાઝીવાદનો ઉદય અને હિટલરના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ તેઓ જોતા હતા. એશિયામાં જાપાનમાં જનરલ ટોજોની હાક વાગતી હતી. જર્મની, ઇટલી અને જાપાન એ ત્રણ મહાસત્તાઓ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ સામે ઊભી હતી. રશિયા અને અમેરિકાને જો આ લડાઈમાં તટસ્થ રાખી શકાય તો ઇંગ્લૅન્ડ અને ફ્રાંસનું સામ્રાજ્ય વિનાશના આરે આવી ઊભું હતું એમ સુભાષ માનતા હતા. આ તક હિંદની આઝાદી માટે ઝડપી લેવી એમ તેઓ માનતા. આજે આટલાં વર્ષો પછી સુભાષબાબની આ યોજનાને ફેસિઝમ, નાઝીઝમ સાથે હાથ મેળવ્યાનું કહેવું સહેલું છે. પણ સુભાષ આ વિચારો રજૂ કરતા હતા અગર યોજના કરતા હતા ત્યારે પરિસ્થિતિ ગૂંચવણભરી હતી. સમાજવાદી રશિયા મહાયુદ્ધ શરૂ થયા પછી પણ લાંબા સમય સુધી જર્મની સાથે અનાક્રમણના કરારથી બંધાયેલું હતું અને સમાજવાદી રશિયા જોડે દોસ્તીનો કરાર કરનાર જર્મનીને દુશ્મન માનવા ૧૯૪૦ સુધી મોટા ભાગના સમાજવાદીઓ તૈયાર ન હતા. એશિયામાં ઇંગ્લૅન્ડ અને ફ્રાંસનું સામ્રાજ્ય હતું. આ શાહીવાદી રાજ્યોનું દુશ્મન અને સમાજવાદી રશિયાનું મિત્ર એ જર્મનીની પ્રતિમા ૧૯૩૯માં લોકોની નજર સમક્ષ હતી. આવા જર્મનીનો ઇંગ્લૅન્ડ સામેનો જંગ ચાલતો હોય, અમેરિકા તટસ્થ હોય અને રશિયા જર્મનીનું મિત્ર હોય ત્યારે જર્મનીની મદદ લઈ બ્રિટિશ શાહીવાદ સામે લડવામાં કોઈ ખોટી ચાલ છે એમ સુભાષબાબુને લાગ્યું નહીં. આંતરરાષ્ટ્રીય રાજકારણનું, સુભાષબાબુનું મૂલ્યાંકન ભૂલભરેલું હતું એવું આજે કદાચ કહી શકાય પણ એનો અર્થ ફેસિસ્ટો જોડે હાથ મેળવ્યાની રીતે કરવાની વાતમાં ખોટી રજૂઆત થાય છે. આઝાદીની ઉત્કટ પ્રેરણાથી ભરેલા એક રણસેનાનીની એ આઝાદી અંગેની યોજના હતી. આ જ વિચારધારા લઈ સુભાષબાબુ ૧૯૩૯માં ત્રિપુરી કૉંગ્રેસના અધ્યક્ષ થયા અને એવા પ્રસંગે અનેક કટ્ટર જમણેરી આપણા સુભાષબાબુ વિચારધારા સાથે સહમત થયા હતા. આવા પ્રસંગે પંડિતજીએ સુભાષ સાથે દગો કર્યો એવો પંડિત નહેરુ ઉપર આરોપ મુકાય છે. ગાંધી વિરુદ્ધ સુભાષની લડતમાં, સુભાષની પડખે રહેવાની નહેરુની ફરજ હતી છતાં ગાંધીજીના દબાવના કારણે તેઓએ પીછેહઠ કરી એવો આરોપ પંડિત નહેરુ પર થાય છે. એ સાચી વાત છે કે પંડિતજી અવશ્ય બાંધછોડમાં માનતા હતા પણ પ્રસંગે ગાંધીજીને બાજુ પર રાખીને તે આગળ વધ્યા હતા અને કો'ક વાર ગાંધીજીને પણ એમની બાજુ પર રહેવાની તેઓએ ફરજ પાડી હતી એ વાત ભુલાય એમ નથી.

આ ઠેકાણે પંડિતજીની ખાસ અડચણ એ હતી કે તેમને સુભાષની ભૂમિકા સંપૂર્ણ રીતે અમાન્ય હતી. આ પ્રસંગથી જ નહેરુ-સુભાષ સ્પર્ધાનો આરંભ થાય છે. ખરી સ્પર્ધા ગાંધી-સુભાષની નથી. ગાંધીજીની ઇચ્છા વિરુદ્ધ ચૂંટણી જીતવાથી ફાટી નીકળેલો આ સંઘર્ષ નથી. અધ્યક્ષીય ચૂંટણીને આટલું મહત્ત્વ ગાંધીજી પણ આપતા ન હતા. પૂર્વે ગાંધીજીએ શું સુભાષને અધ્યક્ષ બનાવ્યા ન હતા? ૩૬,૩૭ અને ૧૯૩૮ આ ત્રણે વર્ષોમાં કૉંગ્રેસ નહેરુ-સુભાષની નેતાગીરી નીચે ચાલતી હતી. આ ત્રણે વર્ષોમાં વર્કિંગ કમિટીમાં જમણેરીઓની બહુમતી હતી. ૧૯૩૯માં સુભાષ ચૂંટાઈ આવવાથી કયું આભ તૂટી પડવાનું હતું? વર્કિંગકમિટીમાં ૧૫માં ૪ સમાજવાદીઓ રહેતા. સુભાષબાબુના કારણે ૪ના ૫ થાત, છતાં બહુમતી જમણેરી જ રહેત. ગાંધીજી જોડે સહમતી સાધતાં સુભાષબાબુ પણ કદાચ જગ્યા પર જ સંતોષ માનત. ખરી લડાઈ આ ન હતી. એ જુદું કારણ હતું. પંડિત નહેરુ પોતે સમાજવાદી હતા. કૉંગ્રેસ સમાજવાદી થાત તો તે તેમને ગમત. સુભાષબાબુ માનતા હતા કે કૉંગ્રેસને સત્વરે સમાજવાદી રૂપ આપવું જોઈએ. પંડિત નહેરુ માનતા હતા કે આઝાદીની પ્રાપ્તિ સુધી કૉંગ્રેસ ડાબેરી-જમણેરી મિશ્ર રહે એ જરૂરી છે.

જમણેરી ગુટ તો વહેલી તકે ડાબેરીઓને હાંકી કાઢવા તક શોધતો હતો. તેઓ અનુકૂળ ઘડીની રાહ જોતા હતા. આ તક તેમને નહેરુ-સુભાષ મતભેદથી મળી. નવેસર પ્રકાશમાં આવેલ પત્રવ્યવહારથી એક વાત સ્પષ્ટ થાય છે કે આંતરરાષ્ટ્રીય પ્રવાહોનું આકલન અને લડતના દાવપેચ અંગે પંડિતજી અને સુભાષમાં મૂળભૂત મતભેદો હતા. બીજી વાત એ કે ગાંધીજીની ઇચ્છા વિરુદ્ધ ચૂંટણી ન લડવાની સલાહ પંડિતજીએ સુભાષને આપી હતી. નહેરુ પડખે રહે તો ગાંધીજીનો ગુસ્સો ટાળી શકાય એવી સુભાષની ગણતરી હતી. ગાંધી-સુભાષના મતભેદોનું નિરાકરણ કરવા માટે પંડિતજીએ જહેમત ઉઠાવી. તે શ્રમને જશ મળ્યો નહીં, છતાં સુભાષના રાજકારણની એ સમાપ્તિ ન હતી. વ્યક્તિ તરીકે સુભાષ પંડિતજીને પ્રિય હતા, પણ સુભાષબાબુની રાજનીતિનો સંપૂર્ણ પરાભવ કરવો જ રહ્યો એમ પંડિતજીનો પાકો મત હતો.

પંડિતજી માનતા હતા કે આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી અલગ રીતે રાષ્ટ્રીય નીતિનું મૂલ્યાંકન ભૂલભરેલું રહેશે. રશિયા આજે જર્મનીનું દોસ્ત છે. અમેરિકા તટસ્થ છે. બીજી બાજુ પર બ્રિટનના મુખ્ય પ્રધાન હંમેશ હિટલરને ખુશ રાખવાની નીતિ પર ચાલી રહ્યા છે. છતાં મહાયુદ્ધ નજીક આવ્યું છે એ વાત પર નહેરુ-સુભાષની એકમતી હતી. નહેરુ માનતા કે ઇંગ્લૅન્ડ અને જર્મનીમાં મહાયુદ્ધ થશે જ. પહેલા મહાયુદ્ધમાં અમેરિકા તટસ્થતા જાળવી શક્યું નહીં તે જ પ્રમાણે આ જંગમાં પણ તે તટસ્થ ન રહી શક્યું. અમેરિકાને ઇંગ્લૅન્ડ તરફથી લડાઈમાં ઊતરવું જ પડશે અને રશિયાને પણ સ્વરક્ષણ માટે યોગ્ય સમયે આ લડાઈમાં ઊતરવું જ પડશે. અમેરિકા, ઇંગ્લૅન્ડ, રશિયા, ચીન આ પક્ષ વિરુદ્ધ ઇટાલી, જર્મની અને જાપાનનો પરાભવ અટલ છે. તેઓ સાથે બાંધેલા સંબંધો વિનાશકારી સાબિત થશે. આ લડાઈમાં ભાગ લઈ રશિયા વિજયી નીવડશે અને અમેરિકા, પ્રચંડ ઔદ્યોગિક દેશ બનશે. તેથી અમેરિકા, રશિયા અને ચીનની મહત્તા વધશે. તેથી બ્રિટન અને ફ્રાન્સ પોતાના એશિયા-આફ્રિકાના સામ્રાજ્યના વિસર્જનની ઘડીઓ ગણે છે. તેથી વ્યવહાર અને સિદ્ધાંત બન્નેનો વિચાર કરી આપણે લોકશાહી રાષ્ટ્રોના પડખે રહેવું જોઈએ.

૧૯૩૬-૩૭ના અરસામાં પંડિતજી અને સુભાષ બન્ને યુરોપમાં હતા. સુભાષચંદ્રે આ તક ઝડપી જર્મની અને ઇટાલીના પ્રતિનિધિઓ સાથે પ્રદીર્ઘ ચર્ચા કરી હતી. તેઓ હિટલર અને મુસોલિનીને મળ્યા. નહેરુએ તો કમલાના નિધનના કારણથી મુસોલિનીએ માંગેલી મુલાકાતનો પણ ઇન્કાર કર્યો હતો! બન્નેની ભૂમિકામાં તે સમયે જ યોજનાનું અંતર પડ્યું હતું પછી એ અંતર વધતું જ ગયું. બન્નેના આંતરરાષ્ટ્રીય રાજકારણના આકલનનો વિચાર કરીએ નહેરુજીનું આકલન વધુ વાસ્તવલક્ષી હતું, એ કહેવું જ પડે છે. નહેરુની ભૂલ થઈ હોય તો બીજાં બે ક્ષેત્રે છે. પાંગ-કાઇ-શેકના નેતૃત્વ નીચે નવું ચીન સ્થિર થશે એ એમનું ભવિષ્યકથન ખોટું સાબિત થયું. રશિયા-અમેરિકા લડાઈ પછી દોસ્તો રહેશે એ માન્યતા પણ

ખોટી સાબિત થઈ. બાકીનું વિવેચન એક ક્રાંતિકારી તરીકે સાચું ઠર્યું. નહેરુએ મંચુરિયા પરના જાપાની આક્રમણને વખોડી કાઢ્યું. એબીસીનિયા અંગે ઇટાલીનો વિરોધ કર્યો. સ્પેન અંગે જર્મનીનો વિરોધ કર્યો. યહૂદીઓ પર નાઝી જુલ્મો સામે સહાનુભૂતિ વ્યક્ત કરી. આમાંથી કશું જ સુભાષબાબુને પસંદ ન હતું. સુભાષબાબુની ભૂમિકા ખરેખર ડાબેરી નથી, પણ જમણેરી છે, પ્રત્યાઘાતી છે, એવી નહેરુની માન્યતા હતી. સુભાષબાબુ માનતા કે નહેરુજીની નિષ્ક્રિયતા શાહીવાદીઓના લાભમાં છે.

નહેરુ સાચા ઠર્યા એ આજે કહેવું સહેલું છે. ૧૯૩૯માં કોણ સાચું એનો નિર્ણય કરવાનું કામ સમકાલીનો માટે અઘરું હતું. કારણ તે વખતે પર્લ હાર્બર પર હુમલો થયો ન હતો. અમેરિકા જંગમાં ઊતર્યું ન હતું. રશિયા-જર્મનીની લડાઈ સળગશે એ પણ ભવિષ્યકથન હતું. એ સાચું પણ પડે કે ખોટું પણ પડે એવી સ્થિતિ હતી. આવા વાતાવરણમાં નહેરુ-સુભાષના મતભેદો જમણેરી પરિબળો માટે સોનેરી તક હતી. તેઓએ જાહેરમાં તો સુભાષ સામે પણ વ્યવહારમાં સમસ્ત ડાબેરી વિચારધારા સામે પેંતરો લીધો હતો. સમાજવાદીઓને હંમેશ મુજબ નહેરુ-સુભાષની એકતા માની લીધી તે ભેગા છે એ જ સમજથી સુભાષબાબુ ચૂંટાયા. એમનામાંના મતભેદો જાહેર થતાં જ સુભાષનો પરાજય થયો. આ પરાજયના તબક્કા પણ તપાસવા જોઈએ. સુભાષબાબુ ચૂંટાયા. એમનામાંના મતભેદો જાહેર થતાં જ સુભાષનો પરાજય થયો. આ પરાજયના તબક્કા પણ તપાસવા જોઈએ. સુભાષબાબુ ચૂંટાયા તે સમયે કૉંગ્રેસમાં તેઓ બહુમતીમાં હતા. ૧૯૩૮માં મૈસુરના પ્રશ્ન પર ગાંધીજી જોડે મતભેદ થયો. તેવો ઝઘડો જાગ્યો હોત તો નહેરુ પ્રમાણે સુભાષ પણ જીતત. તેમની બહુમતી નિશ્ચિત હતી. તેઓને ૧૫૦૮ તો પટ્ટાભીને ૧૩૭૫ મત પડ્યા હતા. વિજય ૨૦૫ મતોનો હતો. જે રક્ષણે નહેરુ વિરોધમાં ગયા, એ જ ક્ષણે સુભાષનો પરાજય થયો.

નેતાજી અફગાનિસ્તાન રશિયા માર્ગે જર્મન રેડિયો પરથી ભારતીય જનતાને બળવા માટે આવાહન કરવા લાગ્યા. છતાં ભારતીય જનમાનસ પર તેની ખાસ અસર દેખાઈ નહીં. ઈ.સ. ૧૯૪૧માં નેતાજી જાપાન ગયા હોત અને આરઝી હકૂમત કાયમ કરી હોય, તો કંઈક અર્થ સરત. પણ તેમનું જાપાન આગમન અને સરકારની સ્થાપના એ બધું જ પારકી શક્તિને આધીન હતું. જ્યારે જર્મની-જાપાનને અનુકૂળ લાગ્યું ત્યારે જ તેઓ સરકાર કાયમ કરી શક્યા.

આઝાદ હિંદ સરકારની સ્થાપના ઑક્ટોબર ૧૯૪૩ના આખરમાં થઈ. આ ઘટનાનું લાગણીની નજરે મૂલ્યાંકન ગમે તેટલું હોય વ્યવહારમાં એનો પરાજય નક્કી થઈ ચૂક્યો હતો. ૧૯૪૩માં રશિયામાંથી જર્મનીની પીછેહઠ શરૂ થઈ ગઈ હતી. મલાયા, બ્રહ્મદેશ, સિયામ, ઇન્ડોનેશિયાની જનતા મિત્રરાષ્ટ્રોની મદદથી જાપાન સામે આઝાદીની લડાઈ લડતી હતી. આઝાદ ભારત સરકાર બનવાથી ત્યાંના ભારતીયો તે તે દેશોમાં જાપાનના ભાડૂતી એજન્ટો તરીકે નાહક બદનામ થયા. મલાયા બ્રહ્મદેશમાંના સ્થાનિક ભારતીયો હંમેશ ત્યાંની જનતાનાં દ્વેષપાત્ર રહ્યા છે.

આઝાદ હિંદફોજ જે નેતાએ નિર્માણ કરી એ પહેલા નેતા છે રાસબિહારી અને બીજા નેતા સુભાષ. બંનેની દેશભક્તિ, ત્યાગ, બલિદાન અને નિઃસ્વાર્થ સેવા વિવાદથી પર છે. આ ફોજો હારી એ માટે તકરાર નથી. તકરાર એ માટે છે કે આ ફોજ નીડરતાથી લડી જ નહીં. આ ફોજીઓનો બચાવ કરવાની કૉંગ્રેસની ફરજ હતી. કૉંગ્રેસે તે નિભાવી. ખરો પ્રશ્ન સુભાષના સાહસનું મૂલ્યાંકન કરવાનો છે. ખરી વાત તો એ છે કે પૂરતી શક્તિ ભેગી કર્યા વગર લડત આપવી જ નહીં, એવી કોઈ આંદોલનની ધ્યેયધારણા હોતી નથી. ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સેના ઊભી કરે છે, તે માટેપૂરી તૈયારીની રાહ જોતા નથી. સાવરકર રાષ્ટ્રવ્યાપી સશસ્ત્ર સંઘર્ષ માટે તૈયારી કરતા જ હતા. એનું કારણ સંપૂર્ણ તૈયારી એ નથી. ઉત્કટ દેશભક્તોને હુતાત્મા બનવાના કોડ હોય છે. પોતાનું લોહી એળે નહીં જાય એવી એમને શ્રદ્ધા હોય છે, હોય તે શક્તિ સાથે તેઓ બળવો પોકારે છે. અપજશ માટે દુઃખ કે પસ્તાવો કરતા નથી. આવા સેંકડો પરાજયોમાંથી જ ભવિષ્યનો ભવ્ય વિજય શક્ય બને છે.

ટૂંકા શસ્ત્રસરંજામ સાથે કમજોર દિલના વીસ હજાર સૈનિકો સાથે લઈ યુદ્ધભૂમિ પર ભારત જીતવાનું કોઈ દિવસે શક્ય ન હતું. તે સમયે ભારતીય ફોજમાં પણ બળવાની પરિસ્થિતિ ન હતી. પણ આ વાત જે પ્રમાણે સુભાષ માટે કહેવાય તે જ રીતે ઘોર નિરાશામાંથી સળગેલી ૧૯૪૨ની લડત અંગે પણ કહી શકાય. જીતવાની શક્યતા છે કે નહીં એ સવાલ જ આઝાદીની લડતમાં અસ્થાને હોય છે. લડતની જનતા પર શું અસર થઈ એ સવાલનું જ મહત્ત્વ હોય છે. સુભાષબાબુના બળવાથી ભારતીય સેનાની મનોવૃત્તિ જ બદલાઈ. જેના જોરે અંગ્રેજી સલ્તનત ઊભી હતી એ આધારો કડડભૂસ થઈ તૂટી પડ્યા. આઝાદી અંગે ઉદાસીન એવી જનતા સતત ૨૫ વર્ષથી ચાલતા આંદોલનથી ધીરે ધીરે ઉગ્ર બનતી ગઈ. સવિનય કાનૂનભંગની બધી જ લડતો શું આપણે હાર્યા ન હતા? છતાં દરેક લડતમાં લોકજાગૃતિ વધી. ૪૫ પછી જો કોઈ લડત કરવી પડત તો આગળની લડતોથી વધુ ઉગ્ર સ્વરૂપની જ થાત.

જનતા આઝાદી માટે ઉત્સુક બની એ બ્રિટિશરાજનો એક આધાર ગયો. આમાં પણ નેતાજીનો હિસ્સો મોટો હતો. કૉંગ્રેસે આઝાદી માટે કરેલા દરેક આંદોલનના એ મહત્ત્વના સેનાની હતા. તેઓ કૉંગ્રેસના એક શિલ્પકાર હતા. સામ્રાજ્યનો બીજો આધાર બ્રિટનનું આર્થિક હિત એ હતો. બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની અર્થવ્યવસ્થા ભાંગી પડી. તે ફરી ઊભી કરવાના બદલામાં અમેરિકાએ એશિયા, આફ્રિકાનાં બજારો પોતાના માલ માટે ખુલ્લાં કરાવ્યાં. આ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના બદલાવામાં કૉંગ્રેસમાંના કોઈનો પણ કોઈ હિસ્સો નથી. ત્રીજો આધાર રાજસત્તા તરફ સંપૂર્ણ નિષ્ઠા રાખનાર લશ્કરનો હતો. સુભાષબાબુએ એવી પરિસ્થિતિ પેદા કરી કે ફરી લડત થાત, તો લશ્કરનો મોટો ભાગ બળવામાં સામે થાત. આ ત્રીજી ઘટના પાછળ નેતાજીનો દાવ હોવાથી તે પણ આઝાદીના શિલ્પકાર પૈકી સાબિત થાય છે.

મુસ્લિમો અંગે વધુ ઉદારતા એ નેતાજીનો હું દોષ સમજતો નથી. પરિસ્થિતિ એવી હતી કે બધાને ઉદાર બનવું પડતું. ફરક ફક્ત ઉદારતાના પ્રમાણનો હતો. ૩૯માં કૉંગ્રેસે સામૂહિક કાનૂનભંગનું આંદોલન શરૂ કરવું જોઈએ એમ સુભાષ માનતા. આ મતને પણ ભૂલ ન ગણી શકાય. શાહીવાદી સત્તાએ વાટાઘાટ માટે તૈયાર થવા માટે એ દબાણ આવશ્યક હતું. પછીના વર્ષે વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રયોગદબાવ કરવામાં આવ્યો.

આખરે તેઓએ સ્થાપેલ આરઝી હકૂમતનો મુદ્દો બાકી રહે છે. આઝાદીની યોજના તરીકે તે તરફ જોવામાં જ કંઈ અર્થ નથી. બલિદાનની ઉત્કટ તમન્ના તરીકે જ આ ઉગ્ર ભીષણ નાટ્યનું મૂલ્યાંકન કરવું પડે. છતાં આમ છૂટા-છૂટા ટુકડા ન પાડીએ અને સુભાષબાબુના જીવનનો એકત્રિત વિચાર કરીએ, તો ગાંધીવિરોધી અંતિમવાદી, હિંદુત્વવાદી ન હતા. એમનું રૂપ ગાંધીજીની છત્રછાયા નીચે ઉછરેલા છતાં આગળ જતાં સ્વતંત્ર વિચાર કરી આગળ વધનાર લોકશાહીવાદી સમાજવાદી સ્વાતંત્ર્યવીરનું રૂપ છે. આ ખરી પ્રતિમા આજે વિસરાઈ ગઈ છે. તે ફરીથી પ્રકાશમાં આણવાનું આપણું કર્તવ્ય છે.

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

### માતૃભાષા દિન

# ભાષાના ધોવાણ વિશે

બાબુ સુથાર

૧. હું માનું છું કે બાળક માત્ર એના brain/mindમાં Universal Grammar (UG) લઈને જન્મતું હોય છે.

૨. આ UG જીવવૈજ્ઞાનિક હોય છે. એના અસ્તિત્વ માટે એક કરતાં વધારે genes અને એમની વચ્ચેનું આદાનપ્રદાન જવાબદાર હોય છે.

૩. આ UGમાંથી જે-તે બાળકની માતૃભાષા આકાર પામતી હોય છે. એટલે કે આ Universal grammarમાંથી particular ભાષાનો વિકાસ થતો હોય છે. આ વિષય પર ખૂબ જ સંશોધન થયું છે. UGથી એક સૌથી મોટો ફાયદો એ થતો હોય છે કે બાળકે ભાષાના વ્યાકરણને લગતા કેટલાક નિયમો શીખવાના રહેતા નથી. એના principles (જે UGનો ભાગ હોય છે) એ મદદ કરતા હોય છે.

૪. કહેવાય 'માતૃભાષા' પણ father tongue hypothesis પ્રમાણે બાળકની માતૃભાષામાં પિતાના geneનો ફાળો મહત્ત્વનો હોય છે. જોકે, આ એક hypothesis છે. કેટલાક વૈજ્ઞાનિકોએ mother hypothesis પણ આપી છે અને કેટલાકે બન્ને વચ્ચેના interactionની વાત પણ કરી છે.

૫. મોટા ભાગના વૈજ્ઞાનિકો એમ માને છે કે બાળક ગર્ભમાં હોય, ત્યારથી જ એ માતૃભાષા શીખવાની શરૂઆત કરતું હોય છે.

૬. સંશોધન એમ કહે છે કે જ્યારે બાળક બીજી ભાષા શીખે, ત્યારે એ માતૃભાષાનો resource તરીકે ઉપયોગ કરતું હોય છે. એનો અર્થ એ થયો કે જે બાળકો પહેલેથી જ માતૃભાષાને બદલે બીજી ભાષાના માધ્યમમાં ભણવાનું શરૂ કરે, ત્યારે એમની પાસે બીજી ભાષા શીખવા માટેના resources ખૂબ જ મર્યાદિત હોય છે. એને કારણે એનું બીજી ભાષાનું જ્ઞાન ઘણી વાર કાચું રહી જતું હોય છે. જોકે, કેટલાંક બાળકો સખત પરિશ્રમ કરીને બીજી ભાષા શીખતાં હોય છે ખરાં પણ એ ભાષા મોટા ભાગના કિસ્સાઓમાં માતૃભાષાનું સ્થાન લઈ શકતી નથી.

૭. મુક્ત અર્થતંત્રના વિકાસની સાથે જે ભાષાઓ economically કે culturally strong ન હોય એ ભાષાઓનું ઘણું બધું ધોવાણ થયું છે. કોઈકમાં વધારે પડતું; કોઈકમાં ઓછું. જાપાની ભાષા પણ બચી નથી, જર્મન પણ, ગુજરાતી પણ. પણ સૌથી વધારે ધોવાણમાં કદાચ ગુજરાતી જેવી અસંખ્ય ભાષાઓ આવી જાય.

૮. ભાષાશાસ્ત્રીઓ કહે છે કે મુક્ત અર્થતંત્રના કારણે ઘણી બધી ભાષાઓનું ધોવાણ થશે, કેટલીક કદાચ સંપૂર્ણપણે ધોવાઈ જશે. જોકે, ઘણા ભાષાશાસ્ત્રીઓ એમ પણ કહે છે કે યોગ્ય ભાષા આયોજન દ્વારા ભાષાના ધોવાણની ઝડપને ઘણી ધીમી પાડી શકાય.

૯. કેટલાક ભાષાશાસ્ત્રીઓ linguistic catastropheની વાત કરે છે. એ લોકો કહે છે કે એક દિવસે કદાચ આર્થિક રીતે અને ટેક્નોલૉજીની રીતે સધ્ધર એવી જ ભાષાઓ ટકી રહેશે. આપણે એમાં ભાષાઓનો એક બીજો વર્ગ ઉમેરી શકીએ: ધર્મ સાથે જોડાયેલી ભાષાઓ કદાચ ટકી રહે પણ fossilized સ્વરૂપે.

૧૦. છેલ્લે, ગુજરાતી ભાષાના ધોવાણનો નકશો બનાવવામાં આવે તો કદાચ નગરજીવનમાં એનું સૌથી વધારે ધોવાણ થયું છે. હવે ધીમે-ધીમે ગામડાં શહેર બનતાં જાય છે, એની સમાન્તરે એ ધોવાણ પણ વધતું જશે. બીજું, ગુજરાતી ભાષાના લેખન અને વાંચન (literacy) એમ બન્ને પાસાંમાં પણ અઢળક ધોવાણ થયું છે. એની અસર સાહિત્ય પર પણ પડી છે. આ ધોવાણ માટે અક્ષરજ્ઞાન સાથે સંકળાયેલું ભાષાશિક્ષણ જવાબદાર છે.

---

બાબુ સુથારની મુખપોથીમાંથી સાભાર ઉતારેલી આ નોંધ છપાવા જઈ રહી છે ત્યારે જ છાપાં કહે છે કે રાજ્ય સરકાર સમક્ષ અખિલ ગુજરાત શાળા સંચાલક મહામંડળે ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓને અંગ્રેજી માધ્યમમાં ફેરબદલ કરવાની છૂટ આપવી વિનંતી કરી છે. શિક્ષણશાસ્ત્રની પાયાની સમજ વગર વિવિધ કારણોસર માતૃભાષાને બદલે પ્રાથમિકનાં વર્ષોથી જ અંગ્રેજી માધ્યમ માટે જે ખેંચાણ અને પડાપડી દેખાઈ રહ્યાં છે એની વચ્ચે ટકવું કેટલું અઘરું બની રહ્યું છે તે મહામંડળે નાખેલી આ 'ધા' થી સમજાય છે. નવી શિક્ષણ નીતિ મુજબ પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાના માધ્યમ પર મુકાયેલ ભાર સામે આ એક દુર્દૈવ વાસ્તવ છે. અંગ્રેજી માધ્યમના ખેંચાણ સામે એકથી આઠ ધોરણ સુધી ક્રમશઃ એક વિષય તરીકે ગુજરાતી ફરજિયાત કરતા જવાની રાજ્ય સરકારની નીતિ કોઈક વચલા રસ્તા માટેની સમાધાનશોધમાંથી આવેલી જણાય છે. મુદ્દે, શાસકીય સંકલ્પનું અને જાહેર સમજનું જે ટાંચુ પડેલું છે તે સર્વત્ર સાફ દેખાઈ રહ્યું છે. માતૃભાષા દિવસનો રસમી રાબેતો ઓળાંડી જઈ સક્રિય સહવિચારનો આ તકાજો ક્યારે સમજાશે ?

**તંત્રી**

---

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com